| |
|---|
| **પ્રથમ અપીલ અરજી નં.** |
| **DTP/FAP/01/2012-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદાર: શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ**

**સામાવાળા: ડે.ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારી**

**ફરીયાદની હકીકત:**

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટની તા.૧૨–૪–૧૨ ની અરજીથી 'રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી' ની રજાચિઠ્ઠી જે કાયદા અને જોગવાઈ હેઠળ રદ કરી હોય તેની સંપૂર્ણ માહીતી મુદ્દા નં.૧ થી ૮

સંદર્ભઃ–(૧)અરજદારશ્રી મહેન્દ્ર બ્રહમભટ્ટની તા. ૧૨–૦૪–૧૨ની અરજી
(૨) સેન્ટ્રલ ઝોન –સુ.મ.પાની પત્ર આઈ.ડી. નં. ૮૧, તા.૧૨–૦૪–૧૨
(૩) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૫૫, તા.૨૦–૦૪–૧૨
(૪) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/૬૫, તા.૨૫–૦૪–૧૨
(૫) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/૧૩૫, તા.૧૭–૦૫–૧૨
(૬) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/૧૬૭, તા.૨૫–૦૫–૧૨
(૭) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/૨૦૩, તા.૦૭–૦૬–૧૨

અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટએ સંદર્ભ (૧) તથા (૨) થી અરજી કરી કુલ મુદ્દા નં. (૧) થી (૮) ની માહિતી માંગેલ જે અન્વયે ડે.ટાઉન પ્લાનર (જી) ટાઉન પ્લાનીંગ ખાતામાં લિબાયત ઝોન વિસ્તાર માટે જાહેર માહિતી અધિકારી તરીકે ફરજ બજાવે છે. તેમને સંદર્ભ (૪)ના પત્રથી અરજદારે માંગેલ માહિતી પૈકી તેઓના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ફકત મુદ્દા નં. (૫) પૈકીની માહિતી આપેલ તથા બાકી રહેતી પૈકીની માહીતી માટે જુનીયર નગર નિયોજકશ્રી, નગર રચના યોજના નં.૩૩, એકમ–૮ને સંદર્ભ(૩) ના પત્રથી તબદીલ કરેલ. અન્ય મુદ્દાઓ માટે સંદર્ભ(૨) હેઠળના પત્ર અન્ય ખાતાઓમાં તબદીલ થયેલ હોય, જે તે ખાતાએ તેઓના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી અરજદારને આપવાની થાય છે.

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૧૨–૪–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયના અનુસંધાને સંદર્ભ(૩) અને (૪) થી પાયાવિહોણો ખોટો જવાબ પાઠવેલ હોવાનુ તેમજ અલગ અલગ વ્યકિતગત આર.ટી.આઈ.ની અરજી અન્વયે જે અલગ અલગ પત્રો આપવાના હોવા છતાં પત્ર નંબરોનો ઉલ્લેખ કરી રીઝર્વેશન અંગેની માહિતી છુપાવી હોવાના કારણે નારાજ થઈ હોવાનું જણાવી તા.૦૮–૦૫–૧૨ ના રોજ કમિશ્નરશ્રીને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે ડેપ્યુટી કમિશ્નરશ્રી(પી એન્ડ ડી) ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતાને તા.૧૧–૦૫–૧૨ ના રોજ મળેલ છે.

સદર અપીલ અરજી અર્થે સંદર્ભ(૬) હેઠળ અરજદારશ્રીને તા.૫–૬–૧૨ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. પરંતુ, અરજદાર હાજર રહેલ ન હતા અને તા.૦૬–૦૬–૧૨ ના રોજ સાંજે ૫–૩૦ કલાકે રૂબરૂ હાજર રહી અપીલ અંગે અન્ય તારીખ આપવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારને તા.૦૭–૦૬–૧૨ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા મૌખિક જાણ કરેલ. સદર દિવસે હાજર રહી શકાય તેમ નથી તેવું અરજદારે જણાવેલ. અપીલ અરજીની તા.૦૮–૦૫–૧૨ ની એક માસની મુદત તા.૦૭–૦૬–૧૨ના રોજ પુરી થતી હોય, અરજદારને વધુ મુદ્દત માટે લેખિતમાં અરજી કરવા જણાવતા અરજદારે તેમ કરવાની ના પાડેલ. તેમ છતાં, અરજદારની મૌખિક રજુઆત અને કુદરતી ન્યાય ધ્યાને લઈ, તા.૧૧–૦૬–૧૨ ના રોજ બપોરે ૩–૩૦ કલાકે અપીલ અધિકારી અને ટાઉન પ્લાનર(બી) સમક્ષ હાજર રહેવા અરજદારને જણાવવામાં આવેલ અને તે સમયે અરજદારને રૂબરૂ સાંભળી સમજણ આપવામાં આવેલ તથા અરજદારને મુદ્દા નં.(૧) થી (૮) પૈકી ફકત મુદ્દા નં.(૫) પૈકીની

માહિતી ખાતાએ આપેલ હોવાનું જણાવેલ છે તથા  અન્ય મુદ્દાઓ અંગેની માહિતી જે તે અન્ય ખાતામાંથી મેળવવા જણાવવામાં આવેલ છે. આર.ટી.આઈ.એકટ હેઠળ તા.૧૨–૪–૧૨ની અરજદારની અરજી અંગે જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે યોગ્ય અને સંપુર્ણ હોય, વિશેષ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૧૨–૪–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકીની ફકત મુદ્દા નં.(૫) પૈકીની આંશીક માહિતી ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) અને જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય અને અન્ય મુદ્દાઓ તેમના કાર્યક્ષેત્ર હેઠળ ન આવતા હોય તેમના તરફથી અરજદારને પૂરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક(બી)*
*સુરત મહાનગરપાલિકા*

| |
|---|
| ***પ્રથમ અપીલ અરજી નં.*** |
| **SMC/DTP/FAP/03/2012-13** |
| ***ટાઉન પ્લાનર(બી)*** |

***અરજદાર:*** ***શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ***

***સામાવાળા:*** ***મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***ફરીયાદની હકીકત:***

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટની તા.૨૫–૫–૧૨ ની અરજીના મુદ્દા નં. (૧) થી (૫) માં જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ પાલિકાના કામ અર્થે અમદાવાદ–ગાંધીનગર ગયેલા તેઓના મુસફરીના ખર્ચ વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–(૧)અરજદારશ્રી મહેન્દ્ર બ્રહમભટ્ટની તા. ૨૫–૦૫–૧૨ની અરજી
(૨) સેન્ટ્રલ ઝોન –સુ.મ.પાની પત્ર આઈ.ડી. નં. ૩૪૫, તા.૨૫–૦૫–૧૨
(૩) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૨૨૨, તા.૧૬–૦૫–૧૨
(૪) અરજદારની અપીલ અરજી SMC/DTP/FAP/ 3, તા. ૧૯–૦૬–૧૨
(૫) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/૨૩૩, તા.૨૫–૦૬–૧૨

અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટએ ઉપરોકત વિષયના મુદ્દા નં. (૧) થી (૫) અંગે સંદર્ભ (૧) અને (૨) હેઠળના પત્રથી માહિતી માંગેલ. જે ટાઉન પ્લાનીંગ ખાતાના મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીએ સંદર્ભ (૩) હેઠળ માહિતી પૂરી પાડેલ. મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) થી આર.ટી.આઈ.ની જોગવાઈની કલમ–૭(૯) મુજબ રેકર્ડનું રૂબરૂ ઈન્સ્પેકશન કરવા જણાવેલ જેનાથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળથી અપીલ અરજી નં. SMC/DTP/FAP/ 3, તા. ૧૯–૦૬–૧૨/૨૦૧૨–૧૩ થી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી(બી) ને પ્રથમ અપીલ અરજી કરેલ છે, તેમજ સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ.ની અરજીમાં જણાવ્યા મુજબ મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી વિનામુલ્યે પુરી પાડવા અપીલ અરજીમાં જણાવેલ છે.

સદરહુ અપીલ અરજી અર્થે સંદર્ભ (૫) હેઠળ અરજદારશ્રી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીને તા. ૨૮–૦૬–૧૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી (બી) ની ચેમ્બરમાં હાજર રહેવા જણાવેલ. અરજદારશ્રી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી તા. ૨૮–૦૬–૧૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર હતા અને અરજદારશ્રીએ સુરત મહાનગરપાલિકાના અન્ય ખાતાએ માહિતી આપી હોય, તેવી અપીલ અધિકારી સમક્ષ રજુઆત કરેલ. તથા તેઓએ તેમને માંગેલ તમામ માહિતી વિના મુલ્ય પુરી પાડવા જણાવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગના મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી દફતરે ઉપલબ્ધ રેકર્ડ સાથે હાજર હતા. તેઓએ માહિતી માંગેલ સમય ગાળા દરમ્યાનનો રેકર્ડ વધારે હોવાથી અરજદારને ઈન્સ્પેકશન માટે બોલાવેલ હોવાનું જણાવેલ.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૨૫–૫–૧૨ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતીવાળા રેકર્ડ જેવા કે ટી.એ.ડી.એ. બીલ વિગેરેઉપલબ્ધ હોય, તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩)ના પત્રથી માહિતી પુરી પાડેલ ન હોય, વિના મુલ્યે અરજદારને દિન(૩) માં માહિતી પૂરી પાડવા ટાઉન પ્લાનીંગ વિભાગના મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને હુકમ કરવામાં આવે છે.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક(બી)***
***સુરત મહાનગરપાલિકા***

| **પ્રથમ અપીલ હુકમ નં.** |
| --- |
| **SMC/DTP/FAP/    /2012-13**<br>**Dt:    -02-13** |
| ***ટાઉન પ્લાનર*** |

***અરજદારઃ   શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ***

***સામાવાળાઃ   જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકતઃ</u>***

***વિષયઃ–*** ટી.પી.સ્કીમ નં. ૩૮ (નાનાવરાછા) ભીડભંજન હાઉસીંગ સોસાયટીમાં સમાવેશ થયેલ હોય, તેના હદ વિસ્તારના બ્લોક નંબર / સર્વે નંબરના આધાર પત્રની નકલ.

***સંદર્ભઃ–***(૧) અરજદારશ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલની તા.૨૨–૧૨–૧૨ ની અરજી નં.ટીપીડી/આરટીઆઈ/૫૭૮
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૨૨, તા.૨૮–૧૨–૧૨
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૨૨/૧, તા.૨૮–૧૨–૧૨ ના રોજ વરાછા ઝોનમાં તબદીલ
(૪) અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૬–૦૧–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૪/૧૬–૦૧–૧૩
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૦૫, તા. ૩૦–૦૧–૨૦૧૩.

અરજદારશ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૨–૧૨–૧૨ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૨) થી અરજદાર ધ્વારા કયા પ્રકારની તથા કઈ માહિતી મેળવવા માંગે છે તે અંગે કોઈ સ્પષ્ટતા ન થતા "કચેરીએ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી માહિતી/નકલો માંગવામાં આવશે, તે નકલો / વિગતો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે", જે મુજબ જણાવેલ. વધુમાં, સંદર્ભ(૩) હેઠળના પત્રથી મુદ્દા નં.(અ) (બ) પૈકીથી જે માહિતી માંગવામાં આવેલ તે આકારણી અને શહેર વિકાસ વિભાગને લગતી હોવાથી મુદ્દા નં. (૩) તથા (૪) અંગેની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૨૨/૧, તા.૨૮–૧૨–૧૨ ના રોજ વરાછા ઝોનમાં તબદીલ કરવામાં આવેલ.

અરજદાર તેમની માંગણી જણાવવા તથા રેકર્ડ તપાસવા માટે તા. ૦૪–૦૧–૨૦૧૩ ના રોજ રૂબરૂ ચકાસણીમાં હાજર રહેલ તથા તે સમય દરમ્યાન ટી.પી.–૩૮ (નાનાવરાછા) ડ્રાફટ સ્કીમનો મુસદ્દો તૈયાર કરતી વખતેના તમામ રેકર્ડ નિરીક્ષણ તથા રેકર્ડ અને કાર્યવાહીની વિગત જણાવવામાં આવેલ. અને સદર રેકર્ડની જે કંઈ પણ નકલ / વિગતની જરૂરીયાત જણાય તો રૂબરૂ / લેખિતમાં જાણ કરી મેળવી લેવા સમજ આપવામાં આવે છે. પરંતુ તેઓ તરફથી ઉપલબ્ધ રેકર્ડની કોઈ પણ માંગણી કરવામાં આવેલ નહિ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૬–૦૧–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૦૬–૦૨–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.
સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

" ટી.પી.સ્કીમ નં. ૩૮ (નાનાવરાછા) ભીડભંજન હાઉસીંગ સોસાયટીમાં સમાવેશ થયેલ હોય, તેના હદ વિસ્તારના બ્લોક નંબર / સર્વે નંબરની માગેલ માહિતીનો રેકર્ડ આપવામાં આવેલ નથી.

તા.૦૬–૦૨–૧૩ ના રોજ અરજદારશ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ અને જાહેર માહિતી અધિકારીશ્રી અનીલ બી. પટેલ, ડેપ્યુટી આર્કીટેકટ સુનાવણી દરમ્યાન હાજર રહેલ. સુનાવણી દરમ્યાન પણ અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–

- ટી.પી.સ્કીમ નં. ૩૮ (નાનાવરાછા) ભીડભંજન હાઉસીંગ સોસાયટીમાં સમાવેશ થયેલ હોય, તેના હદ વિસ્તારના બ્લોક નંબર / સર્વે નંબરની માગેલ માહિતીનો રેકર્ડ આધારીત રેકર્ડ આપવામાં આવેલ નથી.

સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ રજુઆત નીચે મુજબ છેઃ–

અરજદારની વારંવારની રજુઆત એવી છે કે ભીડભંજન સોસાયટીની વિગતો તેમને આપવામાં આવે પરંતુ, લેખિત / રૂબરૂમાં પુછવામાં આવતા તેમના ધ્વારા જે જગ્યાનો ઉલ્લેખ કરવામાં આવે છે તે જગ્યાનો બ્લોક નંબર / સર્વે નંબર / લોકેશન આપતા નથી.

- જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુઆત / સમજણ આપવામાં આવેલ કે ટી.પી.સ્કીમ અગર તો અન્ય કોઈ કાર્યવાહી વખતે સરકારી દફતરના રેકર્ડ ધ્યાને લેવામાં આવે છે. રેકર્ડ ઉપર મહેસુલ અગર તો ટી.પી. રેકર્ડ ઉપર ભીડભંજન સોસાયટીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમ છતાં અરજદારની માંગણી અન્વયે પણ ખાતા ધ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. અને સ્થળ ઉપર ભીડભંજન સોસાયટીના નામે ઓળખાતી જે જગ્યા હયાત જણાયેલ તે જગ્યાની ટી.પી.સ્કીમ મુજબનો રેકર્ડ આપવા તૈયારી બતાવેલ છે.
- જાહેર માહિતી અધિકારી તથા ખાતાની આ રજુઆત તથા રેકર્ડ આપવાની તૈયારી સાથે અરજદાર સંમત્ત થયેલ નથી.

આમ, ખાતા / જાહેર માહિતી અધિકારી પાસે જે રેકર્ડ ઉપલબ્ધ છે. તે રેકર્ડ સ્વીકારવા અરજદારે તેમની સંમત્તિ દર્શાવેલ નથી. પરંતુ અન્ય પુરાવાઓની માંગણી કરેલ છે. પરંતુ, શું, કયા પ્રકારના અને કેવા પ્રકારની માંગણી કરે છે તે જણાવતા નથી.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ તરફથી અરજદારને આપેલ જવાબ/માહિતીની નકલો જોતાંઃ સ્થળ તપાસ દરમ્યાન જે સ્થળે ભીડભંજન સોસાયટી તરીકે ઓળખાતી જમીનના બ્લોક નંબર વાળી જમીનના પાર્ટ પ્લાન / એફ.ફોર્મ તથા આ જમીન માટે મળેલ અરજી / વાંધાઓની નકલો જાહેર માહિતી અધિકારીશ્રી આર.ટી.આઈ એકટની કલમ–૭/૬ હેઠળ વિના મુલ્યે અરજદારને આપવા હુકમ કરવામાં આવે છે. જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક***
***સુરત મહાનગરપાલિકા***

RIGHT TO INFORMATION

**પ્રથમ અપીલ અરજી નં.**
**SMC/DTP/FAP/05/2012-13**
**Dt.28/05/2012**

**અરજદારઃ શ્રી બાબુભાઈ ઉર્ફે વાસુદેવ છગનલાલ ગોળવાળા,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી બાબુભાઈ ઉર્ફે વાસુદેવભાઈની તા.૦૨–૦૪–૧૨ ની અરજીથી શ્રીમાન દાજીભાઈ નારણભાઈ તરફથી થયેલ લીઝ જે સને–૧૯૩૬ થી ૧૯૮૬ સુધીનું મોજેઃ રાંદેરના સર્વે નં. ૧૩૫, ૧૩૬ અને ૧૩૭ ના જે રોડ રસ્તા બાંધવા અને સ્ટ્રીટ લાઈટપોલ નાંખવા માટે થયેલ કરાર પેપરની નકલ લેવા બાબત.

સંદર્ભઃ–(૧) અરજદારશ્રી બાબુભાઈ ઉર્ફે વાસુદેવ છગનલાલ ગોળવાળાની તા.૨–૪–૧૨ ની અરજી.
(૨) ટાઉન પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૪૪, તા.૧૭–૦૪–૧૨ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તબદીલ
(૩) વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૨૫૧, તા.૭–૦૫–૧૨
(૪) વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૩૨૨, તા.૧૬–૦૫–૧૨
(૫) અરજદારની અપીલ અરજીનં. SMC/DTP/FAP/5, તા.૨૮–૦૫–૧૨
(૬) ઈ.ચા.નગર નિયોજકશ્રીના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આ/૧૮૬, તા.૩૧–૦૫–૧૨
(૭) નાયબ નગર નિયોજકશ્રીના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આ/૨૬૬, તા.૬–૦૭–૧૨
(૮) સેકશન ઓફિસરશ્રી(રેકર્ડ)ના પત્ર નં.આરકે/આ/૧૮૫, તા.૯–૭–૧૨
(૯) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી(બી)ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૨૫૭, તા.૫–૦૭–૧૨

**<u>અરજદારની રજુઆતઃ</u>**

ઉપરોકત વિષય હેઠળનો રેકર્ડ/માહિતી અરજદારે અગાઉ માંગેલ હતી તથા તે માટે રાંદેર ઝોનના અધિકારીઓ સાથે ઉપરોકત વિષય હેઠળ દર્શાવેલ મિલકતની સ્થળ મુલાકાત કરી હતી. તથા સ્થળ મુલાકાત દરમિયાન માહિતીનો રેકર્ડ છે તેમ રાંદેર ઝોનના અધિકારીઓ ધ્વારા રૂબરૂમાં અરજદારને મૌખિક જણાવવામાં આવેલ. પરંતુ, ત્યારબાદ અરજદાર ઘણી વખત ઝોનમાં રૂબરૂ ગયા હતા છતાં તેમને સદરહુ રેકર્ડ મળેલ નથી. જેથી તેઓએ આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ સંદર્ભ(૧) હેઠળથી અરજી કરેલ છે તથા તેઓને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી ન મળતા નારાજ થઈ સંદર્ભ(૫) હેઠળ આ અપીલ અરજી કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારીશ્રીની રજુઆતઃ</u>**

અરજદારશ્રીએ તા. ૦૨–૦૪–૧૨ ના પત્રથી સને–૧૯૩૬ થી ૧૯૮૬ સુધીનું સર્વે નં. ૧૩૫, ૧૩૬ અને ૧૩૭ ના જે રોડ રસ્તા બાંધવા અને સ્ટ્રીટ લાઈટપોલ નાંખવા માટે થયેલ કરાર પેપર પરત લેવા બાબતે સંદર્ભ(૧) હેઠળથી અરજી કરેલ. ઉપરોકત વિષય હેઠળ દર્શાવેલ મિલકતની માંગવામાં આવેલ માહિતી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ પાસે ઉપલબ્ધ ન હોય, પત્ર નં. ટીપીડી/આ/૪૪, તા. ૧૭–૦૪–૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી રાંદેરઝોન વિભાગના અધિકારક્ષેત્રમાં આવતી હોય, તબદીલ કરવામાં આવેલ હતી. વધુમાં, રેકર્ડ વિભાગમાં માહિતી હોવાનો વિકલ્પ વિચારીને માંગવામાં આવેલ માહિતી બાબતે સેકશન ઓફિસરશ્રી, રેકર્ડ વિભાગ પ્રતિ ટીપીડી/આ/આરટીઆઈ/૧૮૬, તા. ૩૧–૦૫–૧૨ થી પત્ર ધ્વારા રેકર્ડની માંગણી કરવામાં આવ્યો હતો. જેમાં કોઈ પ્રત્યુત્તર ન મળતા ફરીથી ટીપીડી/આ/૨૬૬, તા. ૦૬–૦૭–૧૨ થી યાદપત્ર લખી રેકર્ડ તાકીદે ઉપલબ્ધ કરવા જણાવવામાં આવેલ. જેના સંદર્ભે સેકશન ઓફિસરશ્રી રેકર્ડ વિભાગના પત્ર ક્રમાંકઃ આર.કે./આ/૧૮૫, તા. ૦૯–૦૭–૧૨ થી ઉપરોકત વિષય બાબતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી એમ જણાવેલ.

**<u>–: હુકમ :–</u>**

અરજદારે રાંદેર ઝોનમાં રેકર્ડ હોવા અંગે થયેલ ચર્ચા/પત્રવ્યવહાર બાબતે કોઈ લેખિત પુરાવા રજુ કરેલ નથી. અરજદારની અરજી અન્વયે પુખ્ત વિચારણા કરી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કીટેકશ્રીએ રાંદેર ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીને તા.૧૭–૪–૨૦૧૨ ના પત્ર નં.ટીપીડી/આ/ ૪૪ થી તબદીલ કરેલ છે તથા રેકર્ડ વિભાગમાં તા.૩૧–૫–૨૦૧૨ અને તા.૬–૭–૨૦૧૨ થી સદરહુ વિગતો તપાસ કરી ટાઉન પ્લાનીંગ ખાતામાં મોકલવા જણાવેલ હતું.

ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કીટેકશ્રીએ પૂરતી ચેષ્ટા કરેલ હોવાનું જણાય છે. રેકર્ડ ઘણો જુનો હોય, રેકર્ડ વિભાગમાં પણ તપાસ કરવામાં આવેલ છે. રાંદેર ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીએ પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૩૨૨, તા.૧૬–૫–૨૦૧૨ થી અરજદારને " માંગેલ રેકર્ડ અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી" તે મુજબ જણાવેલ છે. સમગ્ર હકીકતોની સમજ અરજદારને આપવામાં આવેલ છે તથા તેઓને રેકર્ડ મેળવવાનું કાર્યક્ષેત્ર રાંદેર ઝોન ઓફિસ હોય, તે કચેરીમાં અપીલ કરવા જણાવવામાં આવેલ તથા ટાઉન પ્લાનીગ ખાતાના જ જમીન મિલ્કત ખાતાનો હવાલો સંભાળતા ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જમીન મિલ્કત) ને અગર તેઓ પાસે રેકર્ડ હોય તો, અરજદારને તેની નકલ વિના મુલ્યે પાઠવવા હુકમ કરવામાં આવે છે.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક(બી)*
*સુરત મહાનગરપાલિકા*

| પ્રથમ અપીલ અરજી નં. SMC/DTP/FAP/07/2012-13 Dt: 23-07-12 |
| --- |
| ટાઉન પ્લાનર(બી) |

**અરજદારઃ** **શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

***<u>ફરીયાદની હકીકતઃ</u>***

વિષયઃ–ડી. સુરતના સબ ડી., તા.સીટીના મોજેઃ બમરોલીના સાઈટ એન્ડ સર્વિસ ફોર એસ.એમ.સી.(એચ–૧૦ અને એચ–૧૧) સને ૨૦૦૧ માં નીકળી ગયેલ હતુ પછી સને ૨૦૦૪ માં ફકત એચ–૧૧ નું રીઝર્વેશન ફરી દાખલ કરવાનું કારણ શું? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧)અરજદારશ્રી ભાણાભાઈ નરસીંહભાઈ પટેલ તા.૧–૬–૧૨, આઈ.ડી.નં.૩૮૮ ની અરજી.
(૨) ટાઉન પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૨૩૯, તા.૨૭–૦૬–૧૨
(૩)અરજદારની અપીલ અરજી SMC/DTP/FAP/૭, તા.૨૩–૦૭–૧૨
(૪) ટાઉન પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૩૫૬, તા.૦૬–૦૮–૧૨
(૫) ટાઉન પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૩૭૫, તા.૧૩–૦૮–૧૨
(૬)અરજદારશ્રી ભાણાભાઈ નરસીંહભાઈ પટેલનો તા.૨૨–૦૮–૧૨ નો પત્ર .
(૭) ટાઉન પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૪૦૪, તા.૨૩–૦૮–૧૨

***મહાશય,***

અરજદાર શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળના પત્રથી માહિતી માંગેલ. જે ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરે સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતી પૂરી પાડેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) થી પૂરી પાડેલ માહિતી અરજદારને મળેલ ન હોય તેમજ ટેલીફોનીક જાણ કરેલ ન હોય તેમ જણાવી સંદર્ભ (૩) હેઠળ અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી(બી) ને તા.૨૩–૦૭–૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદરહુ અપીલ અરજી અર્થે સંદર્ભ (૪) હેઠળ અરજદારશ્રીને અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ પાઠવેલ જવાબની નકલ તથા અન્ય કોઈ અગત્યના રેકર્ડ / દસ્તાવેજી પુરાવા દિન–૫ માં રજુ કરવા જણાવેલ છતાં અરજદારે કોઈ પુરાવા રજુ કર્યા નથી. જેથી અપીલ અરજીમાં જણાવ્યા પ્રમાણે આપેલ માહિતી મળેલ ન હોય નિકાલ પૂર્વે બંને પક્ષકારને સુનાવણી માટે સંદર્ભ (૫) હેઠળ તા. ૧૭–૦૮–૧૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનવણી રાખેલ. તે ઉપરાંત તેઓને ટેલીફોનીક જાણ કરવામાં આવેલ, છતાં હાજર રહયા ન હતાં. અરજદારશ્રી તા.૨૨–૦૮–૧૨ના રોજ ઓફીસે રૂબરૂ આવી સંદર્ભ (૫) હેઠળનો પત્ર તેઓને તા.૧૮–૦૮–૧૨ના રોજ એટલે કે સુનવણીના દિવસ પછી મળ્યો હતો તેવી તેઓએ અરજીમાં લેખીત રજુઆત કરી સુનવણી માટે અન્ય તારીખ ફાળવી આપવા જણાવેલ. જેના અનુસંધાનમાં સંદર્ભ (૭) હેઠળ અરજદારની તા.૨૮–૦૮–૧૨ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ફરી રૂબરૂ સુનવણી રાખેલ. સુનવણી વખતે અરજદારે બમરોલી એચ–૧૦ નું રીઝર્વેશન કેમ ઉઠાવી લીધુ તેનુ કારણ

જાણવા રજુઆત કરેલ. જેના અનુસંધાને અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી(બી) એ અરજદારને સમજ આપી છે કે રીઝર્વેશન કેમ ઉઠાવી લેવામાં આવ્યુ તે માહિતીની વ્યાખ્યામાં આવતુ નથી તેમજ મંજુર વિકાસ નકશામાં રીઝર્વેશન ઉઠાવી લેવાની કાર્યવાહી સુરત શહેરી વિકાસ સતા મંડળ (સુડા) મારફત સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. તે અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

***<u>–: હુકમ :–</u>***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૦૪–૬–૧૨ ની મુળ અરજીનો અભ્યાસ કરી અને મૌખિક નિવેદનોને ધ્યાને લઈ અરજીમાં જણાવ્યા મુજબ ડી. સુરતના સબ ડી., તા. સીટીના મોજેઃ બમરોલીના સાઈટ એન્ડ સર્વિસ ફોર એસ.એમ. સી.(એચ–૧૦ અને એચ–૧૧) સને ૨૦૦૧ માં નીકળી ગયેલ હતુ પછી સને ૨૦૦૪ માં ફકત એચ–૧૧ નું રીઝર્વેશન ફરી દાખલ કરવાનું કારણ શું? તે અંગે અરજદારને સમજ આપવામાં આવી છે કે રીઝર્વેશન કેમ ઉઠાવી લેવામાં આવ્યુ તે માહિતીની વ્યાખ્યામાં આવતુ નથી. તેમજ મંજુર વિકાસ નકશામાં રીઝર્વેશન ઉઠાવી લેવાની કાર્યવાહી સુરત શહેરી વિકાસ સતા મંડળ (સુડા) મારફત સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. તે અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. અરજદારને સંદર્ભ (૨) હેઠળનો પત્ર મળેલ ન હોય, નકલ તાકીદે આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક(બી)***
***સુરત મહાનગરપાલિકા***

| |
|---|
| *પ્રથમ અપીલ હુકમ નં.* |
| SMC/DTP/FAP/ /2012-13 |
| Dt: -10-12 |
| *ટાઉન પ્લાનર(બી)* |

***અરજદાર:*** ***શ્રી જશવંતસિંહ બ્રહમભટ્ટ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડે.આર્કિટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:–*** મોજે: સારોલી, સર્વે નં. ૪, બ્લોક નં. ૨૦ વાળી જમીનમાં ઓ/એમ/૫૩ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ હેતુ માટે સંપાદન કરવા બાબત.

***સંદર્ભ:–***(૧) અરજદારશ્રી જશવંત બ્રહમભટ્ટની તા.૧૧–૯–૧૨ ની અરજી આઈ.ડી.નં.૧૮૦
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક,(મધ્યસ્થ કચેરી)ના તા.૧૮–૯–૧૨ના રોજથી તબદીલ થઈ મળેલ પત્ર.
(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૨૦, તા.૨૮–૯–૧૨
(૪) અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૮–૧૦–૧૨ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૧/૦૮–૧૦–૧૨
(૫) અપીલ અધિકારી અને નગર નિયોજક(બી)ના પત્ર નં. SMC/DTP/FAP NO.RTI-573/ 2012-13, DT.16-10-12

અરજદારશ્રી જશવંત બ્રહમભટ્ટની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૮–૯–૧૨ ના રોજ તબદીલ થઈ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.આર્કિટેકટે સંદર્ભ(૩) થી અરજદારને માહિતી મેળવવા માટે "કચેરીએ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી માહિતી/નકલો માંગવામાં આવશે, તે નકલો / વિગતો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે", મુજબ જણાવેલ તથા સાથે પ્રશ્ન હેઠળની જગ્યાની સંપાદનની વિગતોને નોંધ પાઠવેલ.

ઉપરોકત માહિતી અરજદારને સંદર્ભ(૩) ના પત્રથી મોકલી આપવામાં આવેલ. અરજદારે માંગણી મુજબની નકલો/વિગતો મેળવવા માટે રૂબરૂ ચકાસણીમાં હાજર રહેલ નહી અને સંદર્ભ (૪) મુજબ અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૮–૧૦–૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૯–૧૦–૧૨ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

" માંગેલ માહિતી અધૂરી આપેલ છે અને તેમા પણ ખરી નકલો સહિતની નહિ પૂરી પાડવાના કારણો, તેમજ જયારે માંગેલ માહિતીની સ્પષ્ટતા થતી ન હોય, તેવા સંજોગોમાં જ દફતરી તપાસ કરાવવાની હોય છે, પરંતુ આ જા.મા.અધિ. ધ્વારા માહિતી આપવી ન પડે તે જ હેતુ માત્રથી ખોટી રીતે દફતરી તપાસણી અંગેનો પત્ર પાઠવી દઈ આ અરજી આડાપાટે ચઢાવવાના પ્રયાસો કરવાના ખાસ કારણો."

તા.૧૯–૧૦–૧૨ ના રોજ અરજદારશ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી અનીલ બી. પટેલ, ડે.આર્કીટેકટ સુનાવણી દરમ્યાન હાજર રહેલ. સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–

– જમીનના માલિકો/પાવરદારો સાથે સુરત મહાનગરપાલિકા સાથે પત્રવ્યવહાર તેમજ જમીન સંપાદન બાબતે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સાથે થયેલ પત્રવ્યવહાર તથા તે બાબતેના નોટીંગ વિભાગની નકલ વિનામુલ્યે માંગણી કરેલ.

– અપીલ અધિકારીને અપીલ કરવા અંગે એકટ પ્રમાણે જાહેર માહિતી અધિકારીના પત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

–જમીન સંપાદન કેટલા સમયગાળામાં થાય તેની વિગત.

સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ રજુઆત નીચે મુજબ છેઃ–

અરજદારે માંગેલ વિગતો ઘણી બધી હોય તથા અસ્પષ્ટ હોય તેમને ક્રમ પ્રમાણે તમામ માહિતીની નોંધ આપેલ છે તથા જરૂર પડયે રૂબરૂ ઈન્શ્પેકશન જોગવાઈ મુજબ આપેલ છે. તેમજ પ્રશ્ન હેઠળની જમીન સંપાદન કેટલા સમયમાં થશે તે બાબતે હાલમાં કોઈ ચોકકસ માહિતી આપી શકાય તેમ નથી.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ તરફથી અરજદારને આપેલ જવાબ/માહિતીની નકલો જોતાંઃ

અરજદારની તા.૧૧–૯–૧૨ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ મોજેઃ સારોલી, સર્વે નં. ૪, બ્લોક નં. ૨૦ વાળી જમીનમાં ઓ/એમ/૫૩ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ હેતુ માટે સંપાદન માટે શહેરી વિકાસ વિભાગ, ગાંધીનગર તેમજ આ જમીનના મુળ માલિક કે પાવરદારો વચ્ચે થયેલ પત્ર વ્યવહારો તથા તે બાબતે નોટીંગ રોપોર્ટની તેમજ જમીન સંપાદન બાબતના પત્ર વ્યવહારોની વિગતો સ્વયં સ્પષ્ટ હોય જાહેર માહિતી અધિકારીશ્રી અરજદારને નકલો આપી શકયા હોત, જેમાં રૂબરૂ ઈન્સ્પેકશનની જરૂરીયાત નથી. અરજદારને રૂબરૂ ઈન્સ્પેકશનની તક આપેલ હોવા છતાં હાજર રહયા નથી, તેઓ હાજર રહી ઈન્સ્પેકશન કરીને નકલો મેળવી શકયા હોત. જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રશ્ન હેઠળની જમીન બાબતે ક્રમ પ્રમાણે સંપૂર્ણ વિગતો (નોંધ)આપેલ છે. જેથી તેઓનો ઈરાદો માહિતી ન આપવાનો લાગતો નથી. પરંતુ આર.ટી.આઈ. એકટની જોગવાઈઓ મુજબ માહિતીની નકલો સમયમર્યાદામાં આપેલ ન હોય, અરજદારે તેઓની પ્રથમ અરજીમાં જણાવ્યા મુજબ પ્રશ્ન હેઠળની જમીન સંપાદન માટે શહેરી વિકાસ વિભાગ, ગાંધીનગર તેમજ જમીનના મુળ માલિક કે પાવરદારો વચ્ચે થયેલ પત્રવ્યવહારો તથા તે બાબતે નોટીંગ રીપોર્ટની નકલો આર.ટી.આઈ.એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ મં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવી. વધુમાં, જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રશ્નવાળી જમીન માટે જમીન સંપાદનના સ્ટેજની માહિતી આપવી તથા સમયમર્યાદા માટે ધારાકીય જોગવાઈઓની સમજ/સ્પષ્ટતા અરજદારને લેખિતમાં જણાવવી. જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક(બી)***
***સુરત મહાનગરપાલિકા***

| |
|---|
| ***પ્રથમ અપીલ હુકમ નં.*** |
| **SMC/DTP/FAP/ 8 /2012-13** |
| **Dt: 15 -10-12** |
| ***ટાઉન પ્લાનર*** |

***અરજદાર:*** ***શ્રી અજય જાંગીડ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

વિષયઃ– ટી.પી.સ્કીમ નં.૨(ઉધના), ઠાકોર નગર, ડ્રેનેજ પંપીગ સ્ટેશનની રીઝર્વેશનની વિવાદીત જગ્યાની અરજીમાં માંગેલ માહિતીની નકલો/નકશાની નકલ બાબત.

સંદર્ભઃ–(૧)અરજદારશ્રી અજય જાંગીડની તા.૩–૯–૧૨ ની અરજી આઈ.ડી.નં.૨૫૧૨
(૨)સાઉથ ઝોનના જાહેર માહિતી અધિકારી ઝોનલ ઓફિસરશ્રી,સાઉથ ઝોનના તબદીલ પત્ર /નમુનો–ચ નં.સા.ઝોન/ટેક/૪૪૧, તા.૫–૯–૧૨
(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૬૮, તા.૬–૯–૧૨
(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૮૦, તા.૧૨–૯–૧૨
(૫) અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૭–૯–૧૨ ની પ્રથમ અપીલ ઈ.નં.૪૦૧/૧૭–૯–૧૨

***મહાશય,***

અરજદાર અજય જાંગીડની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) થી વિષયમાં જણાવેલ માહિતી માંગતી અરજી અત્રેના ખાતાને સંદર્ભ(૨) થી તબદીલ થયેલ. જેનો ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરે સંદર્ભ (૩) થી અરજદારને માહિતી મેળવવા માટે માહિતીના પાના નંગ–૯૭ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– પ્રમાણે રૂા.૧૯૪/– તથા નકશા નંગ–૨૨ માટે રૂા.૧૩,૧૨૦/– મળી કુલ રૂા.૧૩,૩૧૪/– જમા કરાવવા સારૂ પત્ર લખવામાં આવેલ. જે અન્વયે અરજદારે માહિતીના પાના નં.૯૭ પેટે રૂા.૧૯૪/– રસીદ નં. ૩૪૬૬૦૪, તા.૧૦–૯–૧૨ થી જમા કરાવતા સંદર્ભ(૪) થી ફરી અરજદારને નકશા માટે બાકીના રૂા.૧૩,૧૨૦/– જમા કરાવવા તથા માહિતીના પાના કુલ્લે–૯૭ માંગેલ માહિતીની નકલો અરજદારને પહોંચાડવામાં આવેલ અને બાકી રહેતા નાણાં જમા કરાવ્યેથી અરજદારે માંગેલ/આપાવ જોગ નકશાની નકલો નંગ–૨૨ આપવામાં આવશે એ રીતે જવાબ પાઠવેલ.

ઉપરોકત માહિતી અરજદારને તા.૧૨–૯–૧૨ ના રોજ મોકલી આપવામાં આવેલ. તેમ છતાં, અરજદારે માંગણી મુજબના નકશાની નકલો મેળવવા માટે જરૂરી નકલ ચાર્જીસ રકમ ભરપાઈ કરેલ નહી. કે તેઓએ સદર બાબતે જાહેર માહિતી અધિકારીને લેખિત કે રૂબરૂ પોતાની કોઈ રજુઆત ન કરતા સંદર્ભ (૫) મુજબ અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી(બી) ને તા.૧૭––૦૯–૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો જણાવ્યા મુજબ,

" (૧) જાહેર માહિતી અધિકારી મુદ્દાસર માહિતી આપવામાં નિષ્ફળ ગયેલ છે. (૨) જાહેર માહિતી અધિકારી તેઓએ/અરજદાર માંગેલ પેરા/મુદ્દા નં.૪ થી ૧૦ની માહિતી આપેલ નથી. "

અરજદારની અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર તરફથી અરજદારને પાઠવેલ માહિતી ધ્યાને લેતાં જણાય છે કે, અરજદારે માંગેલ નકલો તથા અરજદારની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ–૭(૧) મુજબ કરેલ અરજી જોતાં જાહેર માહિતી અધિકારીએ માત્ર માંગેલ નકલો મેળવવા માટે સંદર્ભ(૩) અને

(૪) થી માત્ર નકલ ચાર્જીસ ભરવા જણાવતા પહેલા અરજદારને ઈન્સ્પેકશન આપવું જરૂરી હતું કે જેથી અરજદારને "જે અને જેની તાકીદે જરૂર હોય અને તેઓને માંગ્યા મુજબની રીતે માહિતી/નકલો આપી શકાતે" આ જરૂરી મુદ્દો કાયદાકીય રીતે નકલ ચાર્જીસની વધુ રકમ જોતા જરૂરી જણાય છે. તદ્ઉપરાંત અરજદારે પણ આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ની કલમ–૭(૧) મુજબ અરજી કરવા છતાં તેઓએ સમયમર્યાદામાં પોતાને જોઈતી માહિતી માંગવા બાબત જાહેર માહિતી અધિકારીને સદર બાબતે કોઈ જાણ કે રૂબરૂ લેખિત કે મૌખિક રજુઆત / પ્રયત્ન કરેલ નથી. આમ, અરજદાર પોતે પણ માહિતી મેળવવા માટે પ્રયાસ કરેલ નથી. વધુમાં, અરજદારે બાકીના નકલ ચાર્જીસ પણ જમા ન કરાવી નકલો મેળવેલ નથી.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી (આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ) અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર તરફથી અરજદારને આપેલ જવાબ/માહિતીની નકલો જોતાંઃ

અરજદારે કરેલ આઈ.ડી. અરજી અને તેઓને જોઈતી માહિતી મેળવવા અરજદાર પોતે પણ પ્રયાસ કરેલ નથી અને જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારની આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળની માંગણી અરજી ધ્યાને લઈ, અરજદારે જે નકલ ચાર્જીસ ભરી તેની નકલો/માહિતી અરજદારને ટુંક સમયમાં મોકલી આપેલ. તેમછતાં, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કાયદાની જોગવાઈ મુજબ ઈન્સ્પેકશન આપેલ નથી. અરજદારે પોતે કરેલ અરજી અને તેની ગંભીરતા પ્રત્યે પોતે પણ બીલકુલ સજાગ હોવાનું જણાતું નથી. આમ, "અરજદારની પ્રથમ અપીલ અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરે પ્રથમ ઈન્સ્પેકશન આપવા અને અરજદાર તરફથી ઈન્સ્પેકશન દરમ્યાન જે નકલોની માંગણી કરવામાં આવે તેની નકલો આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ ની કાયદાની જોગવાઈ મુજબ નકલ ચાર્જીસ જમા કરાવ્યેથી તમામો નકલો આપવાની રહેશે" જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| |
|---|
| ***પ્રથમ અપીલ અરજી નં.*** |
| **SMC/DTP/FAP/04/2012-13** |
| **Dt: 30-06-12** |
| ***ટાઉન પ્લાનર(બી)*** |

***અરજદારઃ      શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ***

***સામાવાળાઃ     જાહેર માહિતી અધિકારી અને ડે.આકીટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકતઃ</u>***

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલની તા.૧૬–૧૨–૧૧ ની અરજીના મુદ્દા નં. (૧) માં જણાવ્યા મુજબ મોજેઃનાના વરાછા, ટી.પી.૩૮ માં આવતો R-9 SALE રીઝર્વેશન પહેલા કયા બ્લોક નંબર અથવા કયા સર્વે નંબર હેઠળ આવતો ભાગ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–(૧) અરજદાર શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલની તા.૧૬–૧૨–૧૧
(૨) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૬૯૨, તા.૩૧–૦૩–૧૨
(૩) ટા.પ્લાનીંગ ખાતાના પત્ર ક્રમાંકઃટીપીડી/આરટીઆઈ/આ/૬૮૯, તા.૩૦–૦૩–૧૨ થી જાહેર માહીતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, પૂર્વ ઝોનને તબદીલ
(૪) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/આ/૬૮૭, તા.૩૦–૦૩–૧૨, નગર રચના યોજના એકમ નં.૫, સુડા ભવન, નાનપુરાને તબદીલ
(૫) અરજદારની અપીલ અરજી તા.૦૨–૦૭–૧૨ ની અપીલ અરજી.
(૬) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૨૫૮, તા.૦૫–૦૭–૧૨
(૭) ટા.પ્લાનીંગ ખાતાના ના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૨૯૬, તા.૧૮–૦૭–૧૨

અરજદાર શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલે ઉપરોકત વિષયના મુદ્દા નં. (૧) અંગે સંદર્ભ (૧) હેઠળના પત્રથી માહિતી માંગેલ. જે ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરે સંદર્ભ (૨) હેઠળ ના પત્રથી માહિતી પૂરી પાડેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) થી પૂરી પાડેલ માહિતી અંગે અરજદારને અસંતોષ હોય તેમજ પાઠવેલ જવાબ આધાર વગરનો હોય, સંદર્ભ(૫) હેઠળ અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી(બી) ને તા.૦૨–૦૭–૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદરહુ અપીલ અરજી અર્થે સંદર્ભ (૬) હેઠળ અરજદારશ્રીને અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ પાઠવેલ જવાબની નકલ તથા અન્ય કોઈ અગત્યાના રેકર્ડ / દસ્તાવેજી પુરાવા દિન–૫ માં રજુ કરવા જણાવેલ છતાં અરજદારે કોઈ પુરાવા રજુ કર્યા નથી. જેથી અપીલ અરજીમાં જણાવ્યા પ્રમાણે આપેલ માહિતીથી અસંતોષ હોય નિકાલ પૂર્વે બંને પક્ષકારને સુનાવણી માટે સંદર્ભ (૭) હેઠળ તા. ૨૧–૦૭–૧૨ના રોજ સવારે ૧૧ઃ૩૦ કલાકે રૂબરૂ સુનવણી રાખેલ. સુનવણી દરમ્યાન અરજદારે R-9 (Sale for Resi.)અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા સંદર્ભ (૨) હેઠળ જે જવાબ આપેલ છે તે જવાબ ખોટો અને આધાર વગરનો છે, તેમ જણાવેલ છે. તેઓએ આધાર પુરાવાની માંગણી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી / ડે.ટાઉન પ્લનારે રેકર્ડની ચકાસણી કરીને જવાબ આપેલ છે, તેમ જણાવેલ છે.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૧૬–૧૨–૧૧ ની મુળ અરજીનો અભ્યાસ કરી અને મૌખિક નિવેદનોને ધ્યાને લઈ અરજદારની અરજીના મુદ્દા નં.(૧) માં જણાવ્યા મુજબ મોજેઃનાના વરાછા, ટી.પી.સ્કીમ નં.૩૮ માં આવતો R-9 (Sale for Resi.) વાળી જગ્યા અન્વયે આપવામાં આવેલ માહિતી વધુ સ્પષ્ટતા થાય તે મુજબ ફરીથી ટી.પી.સ્કીમ મુજબ વિભાગીય નકશો તેમજ તેનો "એફ" ફોર્મ વિનામુલ્યે આપી અરજદારશ્રીને સંતોષ થાય તે મુજબ દિન–૭(સાત)માં જવાબ આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.આર્કિટેકટશ્રીને હુકમ કરવામાં આવે છે. અરજદારને તેઓની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૬–૧૨–૧૧ ની સંદર્ભ(૧) ની મુળ અરજીના મુદ્દા નં.૧ સિવાયની અન્ય કોઈ મુદ્દાઓ માટે કોઈ રજુઆત નહી હોવાનું જણાવેલ છે. જેથી ઉપર જણાવ્યા મુજબની માહિતી સિવાય અન્ય કોઈ માહિતી આપવાની રહેતી નથી.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક(બી)***
***સુરત મહાનગરપાલિકા***

| |
|---|
| ***પ્રથમ અપીલ હુકમ નં.*** |
| **SMC/DTP/FAP/ /2012-13** |
| **Dt: -02-13** |
| ***ટાઉન પ્લાનર*** |

***અરજદાર:*** ***શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:***–સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૪૦૫/૨૦૧૧ના અનુસંધાને કોસાડ ઈ.ડબલ્યુ.એસ.આવાસમાં બાંધકામ સંપાદન થયા વગરની જમીન ઉપર થયેલ ગેરકાયદેસર કરવામાં આવેલ બાંધકામ અંગેની તપાસ કમિશનર તરફથી થયેલ હુકમ, સ્થાયી સમિતિમાં રજુ થયેલ રીપોર્ટ / દરખાસ્તની નકલ આપવા બાબત.

***સંદર્ભ:***–(૧)અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટની તા.૦૩–૦૧–૧૩ની અરજી નં.ટીપીડી/આરટીઆઈ/૬૦૨.
(૨) અરજદારશ્રીની અપીલ અરજી અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૫–૦૨–૧૩
(૩) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫, તા. ૦૧–૦૩–૧૩.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તા.૦૩–૦૧–૧૩ ની અરજી નં. ટીપીડી/આરટીઆઈ/૬૦૨ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોનને ઉદ્દેશીને કરવામાં આવેલ. સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૫–૦૨–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારને તા.૦૧–૦૩–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ તા. ૦૫–૦૧–૧૩ના સેન્ટ્રલ ઝોનના પત્ર નં. ૨૭૨૭ થી મળેલ અરજની માહિતી છુપાવી હોવાની તેમજ સંપૂર્ણ માહિતી વિના મૂલ્યે કલમ–૭/૬ હેઠળ વિના મૂલ્યે રીપોર્ટ / દરખાસ્તની નકલ માંગવામાં આવેલ. પરંતુ, આપવામાં આવેલ નથી.

તા.૦૧–૦૩–૧૩ ના રોજ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી.

***<u>–: હુકમ :–</u>***

અરજદારની મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર રીપોર્ટ / દરખાસ્તની નકલો જાહેર માહિતી અધિકારીશ્રી આર.ટી.આઈ એકટની કલમ–૭/૬ હેઠળ વિના મુલ્યે અરજદારને આપવા હુકમ કરવામાં આવે છે. જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| *પ્રથમ અપીલ હુકમ નં.* |
| --- |
| **SMC/DTP/FAP/ /2012-13** |
| **Dt: -02-13** |
| *ટાઉન પ્લાનર* |

***અરજદારઃ શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ***

***સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકતઃ</u>***

***વિષયઃ***–ટી.પી.સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૧૬ માં મંજુર થયેલ ઈડબલ્યુએસ આવાસ બાંધકામના દર્શાવેલ હેતુમાં ફેરફાર કરવા માટેના પરિપત્ર / ઠરાવની નકલ આપવા બાબત.(અરજદારશ્રીની તા. ૧૯–૧૨–૧૨ની અરજીના મુદ્દા નં. (૬) થી (૮) ની વિગત)

***સંદર્ભઃ***–(૧) અરજદાર શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ ની તા.૨૨–૧૨–૧૨ ની અરજી નં. ટીપીડી/આરટીઆઈ/૫૭૯.(જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ પત્ર નં. સી/૨૫૮૭, તા. ૨૧–૧૨–૧૨ના પત્રથી અત્રેની કચેરીને તબદીલ થઈ મળેલ)
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૫૫, તા.૨૮–૧૨–૧૨.
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૨૯, તા.૩૧–૧૨–૧૨ ના રોજ સ્લમ અપગ્રેડેશન સેલમાં તબદીલ.(મુદ્દા નં. (૨) થી (૪))
(૪) અરજદારશ્રીની અપીલ અધિકારી,ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૨–૦૨–૧૩.
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૧, તા. ૨૧–૦૨–૧૩.

અરજદાર શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તા.૨૨–૧૨–૧૨ ની અરજી નં. ટીપીડી/આરટીઆઈ/૫૭૯ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ પત્ર નં. સી/૨૫૮૭, તા. ૨૧–૧૨–૧૨ના પત્રથી અત્રેની કચેરીને તબદીલ થઈ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ (૨) થી અરજદારને પાર્ટપ્લાનની નકલ રૂા. ૮૦૦/– અત્રેની કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે તેમજ મુદ્દા નં. (૬) થી (૮) માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં. (૯) થી માંગેલ માહિતી માટે કુલ પાના નંગ ૧૨ માટે પ્રતિ પાનાદીઠ રૂા. ૨/– લેખે પાના નંગ ૧૨ની રૂા. ૨૪/– અત્રેની કચેરીએથી ભરપાઈ કર્યેથી મળી શકશે. જે મુજબ જણાવેલ. વધુમાં, સંદર્ભ(૩) હેઠળના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૭૨૯, તા.૩૧–૧૨–૧૨ થી મુદ્દા નં. (૨) થી (૪) પૈકી માંગવામાં આવેલ માહિતી સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગને લગતી હોવાથી તબદીલ કરવામાં આવેલ.

સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૨–૦૨–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૧–૧૨–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

અરજીના મુદ્દા નં. ૬, ૭, ૮, ૯ થી એક વખત ટીપી મંજુર થયા બાદ પ્લોટનો હેતુ ફેરફાર કરવાના પરિપત્રો / ઠરાવોની નકલ તથા હેતુ ફેરફાર કરવા અને પ્લોટ નં. ૧૧૬ તથા ૨૯ નો હેતુ ફેરફાર કરવા માટે જે જે અધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવી હોય તે પરિપત્ર / ઠરાવની નકલ માંગવામાં આવેલ. પરંતુ, આપવામાં આવેલ નથી.

ટીપી ૩૨ ના પ્લોટ નં. ૧૧૬ તથા ૨૯ના નાના નકશા પેટે રૂા. ૮૦૦.૦૦ ભરાવીને નાના એ–૪ સાઈઝના બે પાના આપવામાં આવેલ છે. જે ઘણાં જ વધારે છે.

તા.૦૧–૦૩–૧૩ ના રોજ અરજદાર શ્રી લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ અને જાહેર માહિતી અધિકારીશ્રી અનીલ બી. પટેલ, ડેપ્યુટી આર્કીટેકટ સુનાવણી દરમ્યાન હાજર રહેલ. સુનાવણી દરમ્યાન પણ અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–

અરજીના મુદ્દા નં. ૬, ૭, ૮, ૯ થી એક વખત ટીપી મંજુર થયા બાદ પ્લોટનો હેતુ ફેરફાર કરવાના પરિપત્રો / ઠરાવોની નકલ તથા હેતુ ફેરફાર કરવા અને પ્લોટ નં. ૧૧૬ તથા ૨૯ નો હેતુ ફેરફાર કરવા માટે જે જે અધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવી હોય તે પરિપત્ર / ઠરાવની નકલ માંગવામાં આવેલ. પરંતુ, આપવામાં આવેલ નથી.

ટીપી ૩૨ ના પ્લોટ નં. ૧૧૬ તથા ૨૯ના નાના નકશા પેટે રૂા. ૮૦૦.૦૦ ભરાવીને નાના એ–૪ સાઈઝના બે પાના આપવામાં આવેલ છે. જે ઘણાં જ વધારે છે.

સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ રજુઆત નીચે મુજબ છેઃ–

અરજીના મુદ્દા નં. ૬, ૭, ૮, ૯ થી એક વખત ટીપી મંજુર થયા બાદ પ્લોટનો હેતુ ફેરફાર કરવાના પરિપત્રો / ઠરાવોની નકલ તથા હેતુ ફેરફાર કરવા અને પ્લોટ નં. ૧૧૬ તથા ૨૯ નો હેતુ ફેરફાર કરવા માટે જે જે અધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવી હોય તે પરિપત્ર / ઠરાવની નકલ અત્રે ઉપલબ્ધ નથી.

***–: હુકમ :–***

જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| ***પ્રથમ અપીલ હુકમ નં.*** |
|---|
| **SMC/DTP/FAP/ /2012-13** |
| **Dt: -02-13** |
| ***ટાઉન પ્લાનર(એ)*** |

***અરજદાર: શ્રી મિશ્રીલાલ ચુનીલાલ શાહ***

***સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:–*** ડીમોલેશન કરવામાં આવેલ દુકાનના બદલામાં વૈકલ્પિક દુકાન ફાળવવા બાબતની સંપૂર્ણ વિગતવાર માહિતીની સર્ટીફાઈડ નકલ આપવા બાબત.

***સંદર્ભ:–*** (૧) અરજદાર શ્રી મિશ્રીલાલ ચુનીલાલ શાહ ની તા.૨૫–૦૯–૧૨ ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૨૧, તા.૦૧–૧૧–૧૨.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૭૯, તા.૨૨–૧૧–૧૨.

(૪) રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની અપીલ નં. અ–૦૭૮૦–૨૦૧૩નો હુકમ.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૪, તા. ૨૭–૦૨–૧૩.

અરજદારશ્રી મિશ્રીલાલ ચુનીલાલ શાહ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળની અરજીથી વિગતો / માહિતી માંગેલ. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેના ઉપલ્બધ રેકર્ડ મુજબ અરજદારને આપવાની થતી નકલ માટે નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા તેમજ અન્ય માહિતી માટે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ અંતર્ગત ફાઈલ / રેકર્ડની ચકાસણી માટે રૂબરૂ અત્રેની કચેરીનો સંપર્ક સાધવા અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ ફાઈલ / રેકર્ડની ચકાસણી માટે અત્રેની કચેરીનો સંપર્ક કરેલ નહી. પરંતુ અરજદારે તા.૦૮/૧૧/૨૦૧૨ ના રોજ ભરવાની થતી નકલ ફી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી તેની રસીદની નકલ તા.૧૪/૧૧/૨૦૧૨ ના રોજ રૂબરૂમાં અત્રે રજુ કરેલ જે સમયે અરજદારને ફરીથી ફાઈલ / રેકર્ડની ચકાસણી કરવા જણાવેલ તેમ છતાં તે બાબતે અરજદાર ધ્વારા ફાઈલ / રેકર્ડની ચકાસણી કરવામાં આવેલ નહી તેમજ કોઈ લેખિતમાં પ્રત્યુત્તર પાઠવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારને ઉપલ્બધ રેકર્ડ મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં અરજદાર ધ્વારા તા. ૦૮/૧૧/૨૦૧૨ ના પત્રથી તેમની તા.૨૫/૦૯/૨૦૧૨ ની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ની અરજીના અનુસંધાને માહિતી પુરી પાડવા સારૂ તા.૦૧/૦૨/૨૦૧૩ ની અરજીથી ગુજરાત માહિતી આયોગ સમક્ષ રજુઆત કરેલ. જે બાબતે રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ ધ્વારા સંદર્ભ (૪) હેઠળના હુકમથી વિવાદી શ્રી મિશ્રીલાલ ચુનીલાલ શાહ અને પ્રતિ વાદી નં. (૧) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેરશ્રી સુરત મહાનગરપાલિકાને સાંભળવાની તક આપીને વિવાદીશ્રીની પ્રથમ અપીલનો અપીલ અધિકારીશ્રીએ નિર્ણય કરવા તા.૦૭/૦૨/૨૦૧૨ ના રોજ હુકમ કરેલ છે.

ગુજરાત માહિતી આયોગના હુકમના અનુસંધાને અરજદારને સંદર્ભ (૫) હેઠળના અત્રેના પત્રથી તા.૦૫/૦૩/૨૦૧૩ ના રોજ રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવેલ. તેમજ અરજદારને તા.૦૪/૦૩/૨૦૧૨ ના રોજ સાંજે : ૫:૦૦ કલાકના અરસામાં અરજીમાં જણાવેલ ફોન નંબર ઉપર ફોન કરીને સુનવણીમાં તેઓશ્રી અથવા તેમના અધિકૃત પ્રતિનિધીને હાજર રહેવા જણાવેલ. તેમ છતાં અરજદાર તા.૦૫/૦૩/૨૦૧૩ ના રોજ મુકરર કરેલ સુનવણી દરમ્યાન હાજર રહેલ નહી તેમજ તેઓશ્રી ધ્વારા તે બાબતે આજ દિન સુધી કોઈ પણ લેખિત / મૌખિક પ્રત્યુત્તર આપેલ નથી.

અરજદારની મુળ અરજી, ગુજરાત માહિતી આયોગના હુકમ તેમજ ઉપરોકત હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિર્ણય કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬/૧૧/૨૦૧૨ની અપીલ અરજી જોતાં અરજદાર ધ્વારા તેમની તા.૨૫/૦૯/૨૦૧૨ ની અરજીના અનુસંધાને માહિતી પુરી પાડવા જણાવેલ છે. જે માટે અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી માહિતી / વિગતો પુરી પાડવામાં આવેલ છે. અરજદાર સુનવણીમાં હાજર રહેલ ન હોવાથી તેમજ તેમની તા.૨૫/૦૯/૨૦૧૨ ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી અરજદારની અપીલ અરજી બાબતે હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

જે મુજબ અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક(એ)*
*સુરત મહાનગરપાલિકા*

| પ્રથમ અપીલ હુકમ નં. ૦૧ |
| --- |
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -04-13 |
| ટાઉન પ્લાનર |

**અરજદાર:** **શ્રી હેમંત એન. દેસાઈ**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:**–સુરત મહાનગરપાલિકાના હદવાળા વિસ્તારમાં સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા)એ જે વિસ્તાર રહેઠાણ ઝોન તરીકે જાહેર કરેલ હોય તે પ્રકારના મિલ્કતોનો ઉપયોગ રહેઠાણમાં કરી કારખાના ચાલુ કરતા પહેલા ઘી બી.પી.એમ.સી. એકટ પ્રકરણ–૧૨ના પેટાકલમ–૧૦ મુજબ કારખાના બંધ કરાવવાની જવાબદારી કોની છે ? તેની માહિતી બાબત.

**સંદર્ભ:**–(૧) અરજદારશ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૦૧–૧૩ ની અરજી નં.ટીપીડી/આરટીઆઈ/૬૩૬.
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૮૯, તા.૧૯–૦૩–૧૩.
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી,ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૩૦–૦૩–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૧/૦૧–૦૪–૧૩.
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૦૪, તા. ૦૯–૦૪–૧૩.

અરજદારશ્રી હેમંત એન. દેસાઈ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૩–૦૧–૧૩ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે સંદર્ભ(૨) થી અરજદારશ્રીને " રહેઠાણ ઝોનમાં કમિશ્નરશ્રીની પરવાનગી વગર કારખાના ચાલુ કરવામાં આવે તો આવા કારખાના બંધ કરવાની જવાબદારી જે તે ઝોન કચેરીની રહે છે." જે જણાવેલ. વધુમાં, સંદર્ભ (૩) હેઠળના પત્રથી ટાઉન પ્લાનરશ્રીને તા.૩૦–૦૩–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૬–૦૪–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

રહેઠાણ ઝોનમાં કમિશ્નરશ્રીની પરવાનગી વગર કારખાના ચાલુ કરવામાં આવે તો આવા કારખાના બંધ કરવાની જવાબદારી જે તે ઝોન કચેરીની રહે છે. પરંતુ ઝોનમાં કયા વિભાગ / અધિકારનું નામ જણાવવામાં આવેલ નથી. આમ, અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. અને સમયમર્યાદા બાદ માહિતી પુરી પાડેલ છે.

તા.૧૬–૦૪–૧૩ ના રોજ અરજદારશ્રી હેમંત એન. દેસાઈ અને જાહેર માહિતી અધિકારીશ્રી આર પી. પટેલ, ડેપ્યુટી ટાઉન પ્લાનર સુનાવણી દરમ્યાન હાજર રહેલ. સુનાવણી દરમ્યાન પણ અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–

- ટાઉન પ્લાનીંગ ખાતાની માંગ્યા મુજબની માહિતી મળેલ નથી.

સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ રજુઆત નીચે મુજબ છે:–

રહેઠાણ ઝોનમાં કમિશ્નરશ્રીની પરવાનગી વગર કારખાના ચાલુ કરવામાં આવે તો આવા કારખાના બંધ કરવાની જવાબદારી જે તે ઝોન કચેરી અને ઝોનના કયા અધિકારીની આવે છે તે અરજદારશ્રીને સમજ આપવામાં આવેલ છે.

આમ, જાહેર માહિતી અધિકારીએ અરજદારશ્રીને રૂબરૂમાં અત્રેના તા. ૧૯–૦૩–૧૩ ના પત્રક્રમાંક નં. ટીપીડી/આરટીઆઈ/આ/૮૮૯ થી પાઠવવામાં આવેલ માહિતીની ઝેરોક્ષ નકલ સુપ્રત કરેલ છે.

***–: હુકમ :–***

અરજદારની મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર તરફથી અરજદારને આપેલ જવાબ/માહિતીની નકલો જોતાં: અરજદારશ્રીને આરટીઆઈ અરજી બાબતે રૂબરૂ સુનવણી દરમ્યાન કોઈ પણ ફરીયાદ નથી. ઉપરોકત હકીકત ધ્યાને લઈ, અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| પ્રથમ અપીલ હુકમ નં. |
| --- |
| SMC/DTP/FAP/ /2012-13<br>Dt: -02-13 |
| ટાઉન પ્લાનર |

**અરજદાર:** **શ્રી ઝમીર ઝેડ. શેખ (એડવોકેટ)**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** તા. ૧૩–૦૩–૧૨ અને તા. ૨૦–૦૪–૧૨ની ઈસ્ટ ઝોનમાંથી તબદીલ થયેલ અરજી અંગેની માહિતી બાબત.

**સંદર્ભ:–**(૧)અરજદારશ્રી ઝમીર ઝેડ. શેખની તા.૧૩–૦૩–૧૨ અને તા. ૨૦–૦૪–૧૨ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)અરજદારશ્રી ઝમીર ઝેડ. શેખની પ્રથમ અપીલ સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૧૧–૦૧–૧૩ના પત્ર ક્રમાંક : સી.ઝેડ./આરટીઆઈ/આ/નં.૨૭૯૯થી/અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૧–૦૧–૧૩ના રોજ અત્રે ખાતાને મળેલ.

(૩)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫૩, તા. ૨૨–૦૫–૧૨.

(૪)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૦૭, તા. ૦૨–૦૨–૧૩.

(૫)અરજદારશ્રી ઝમીર ઝેડ. શેખના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/ઈ/નં.૧૦/૧,તા.૧૪–૦૨–૧૩.

અરજદારશ્રી ઝમીર ઝેડ. શેખ ઉપરોકત વિષયે સંદર્ભ (૧) હેઠળની અરજી પૈકી તા. ૧૩–૦૩–૧૨ની અરજીથી ટી.પી.સ્કીમ નં. ૭ (આંજણા), એફ.પી.નં. ૧૮૪ ને લગતી JnNURM અન્વયેની માહિતી માંગેલ. પરંતુ, અત્રેના રેકર્ડ ચકાસતાં તા. ૧૩–૦૩–૧૨ની અરજી ખાતાને પ્રાપ્ત થયેલ ન હતી. પરંતુ, તા. ૨૦–૦૪–૧૨ના રોજની અરજી અન્વયે સંદર્ભ (૩) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

અરજદારશ્રીએ પોતાને માહિતી મળેલ નથી એમ જણાવી સંદર્ભ (૨) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. સદર અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને પોતાનો પક્ષ રજુ કરવા અર્થે તા. ૦૬–૦૨–૧૩ ના રોજ ૧૧:૩૦ કલાકે રૂબરૂ રજુઆત કરવા અર્થે અત્રેના સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. સદર તા. ૦૬–૦૨–૧૩ ના રોજ અરજદારશ્રી રૂબરૂ સુનવણીમાં હાજર રહેલ નથી. જે બાદ અરજદારશ્રીએ સંદર્ભ (૫) હેઠળના પત્રથી પોતાને હવે સંદર્ભ (૧) હેઠળની અરજીઓ અન્વયે માહિતીની જરૂર નથી એમ જણાવી ટાઉન પ્લાનીંગ ખાતા પૂરતી પ્રથમ અપીલ અરજી દફતરે કરવા જણાવેલ છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીની દફતરે કરવા અંગેની તા. ૧૪–૦૨–૧૩ ના પત્ર નં. ટીપીડી/આર.ટી.આઈ./૧૦/૧ ની અરજી ધ્યાને લઈ સંદર્ભ (૧) હેઠળની ટાઉન પ્લાનીંગ ખાતાની માહિતી પૂરતી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

| પ્રથમ અપીલ હુકમ નં. ૦૨ |
|---|
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -04-13 |
| ટાઉન પ્લાનર |

**અરજદાર:** **શ્રી મોહંમદ રફીક યાકુબ શેખ**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** રામપુરા નુરી મહોલ્લામાં આવેલ વોર્ડ નં. ૭/૮૮૫ નંબરવાળી જગ્યા જાહેર હિત માટે સંપાદનમાં છે જે બાબતે.

**સંદર્ભ:–** (૧)અરજદારશ્રી મોહંમદ રફીક યાકુબ શેખની તા.૧૫–૦૧–૧૩ ની માહિતી માંગતી મૂળ અરજી નં. ટીપીડી/આરટીઆઈ/૨૮૪૨.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૮૦, તા.૧૪–૦૩–૧૩ અને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૮૩, તા.૧૫–૦૩–૧૩

(૩) અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૫–૦૩–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૪/૧૬–૦૩–૧૩.

(૪) અરજદારશ્રી મોહંમદ રફીક યાકુબ શેખના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/ઈ/નં.૧૪/૧, તા. ૧૦–૦૪–૧૩.

અરજદારશ્રી મોહંમદ રફીક યાકુબ શેખ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૮–૦૧–૧૩ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે સંદર્ભ(૨) થી અરજદારશ્રીને " વોર્ડ નં. ૭, નોંધ નં. ૮૮૫ અંગે પ્રશ્નવાળી મિલ્કતોનો સમાવેશ જાહેર હિતમાં સંપાદન કરવાપાત્ર જગ્યા / મિલ્કતમાં થતો નથી. પ્રશ્નવાળી મિલ્કત દર્શાવતા નકશા (પાર્ટપ્લાનની નકલ) આપવામાં આવેલ. " વધુમાં, સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીએ ટાઉન પ્લાનરશ્રીને ઉદ્દેશીને તા.૧૫–૦૩–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારશ્રીએ પોતાને સમયમર્યાદામાં માહિતી મળેલ નથી એમ જણાવી સંદર્ભ (૩) હેઠળથી પ્રથમ અપીલ અરજી કરેલ. જે બાદ અરજદારશ્રીએ સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા. ૧૨–૦૩–૧૩ની પ્રથમ અપીલ રદબાતલ ગણશો. મને માહિતી મળી ગયેલ છે એમ જણાવેલ છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીના તા. ૧૦–૦૪–૧૩ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓને અત્રેના ખાતાના પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ/૮૮૩, તા. ૧૫–૦૩–૧૩ થી જરૂરી માહિતી મળી ગયેલ છે તેમ જણાવેલ હોય. જેથી તા. ૧૨–૦૩–૧૩ ની અપીલ રદબાતલ ગણવા જણાવેલ છે. સદર હકીકત ધ્યાને લઈ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| *પ્રથમ અપીલ હુકમ નં.* SMC/DTP/FAP/ /2013-14 Dt: -04-13 |
| *ટાઉન પ્લાનર* |

***અરજદારઃ*** ***શ્રી કલ્પેશકુમાર કંચનલાલ પરમાર***

***સામાવાળાઃ*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકતઃ</u>***

***વિષયઃ–*** ટી.પી.સ્કીમ નં. ૨૯ (મોજે : રાંદેર), બ્લોક નં. ૧૩૭ પૈકી, ૧૩૯ પૈકી, મુળખંડ નં. ૧૯/એ, અંતિમખંડ નં. ૩૮ ઉપર બનાવવામાં આવેલ સરસ્વતીનગર સોસાયટી માટે લેખિત ઈરાદો/ વાંધા / રીપોર્ટની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

***સંદર્ભઃ–***(૧)અરજદારશ્રી કલ્પેશકુમાર કંચનલાલ પરમાર ની તા.૧૧–૦૩–૧૩ ની અરજી સાઉથ વેસ્ટ ઝોનમાંથી તબદીલ થઈને મળેલ તા. ૨૪–૦૩–૧૩ ના રોજ ટીપીડી/આરટીઆઈ/૭૧૮.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૮૭, તા.૧૯–૦૩–૧૩ ના રોજ નગર રચના યોજના નં. ૨૯ (રાંદેર), યુનીટ–૩, ત્રીજો માળ, મ્યુ. બિલ્ડીંગ, રૂધનાથપુરા, સુરતને તબદીલ.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૯૧૨, તા.૨૫–૦૩–૧૩.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી,ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૭–૦૪–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૪/૧૮–૦૪–૧૩.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૦૭, તા. ૨૫–૦૪–૧૩.

અરજદારશ્રી કલ્પેશકુમાર કંચનલાલ પરમાર ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળથી માહિતી માંગતી તા.૧૧–૦૩–૧૩ ની અરજી સાઉથ વેસ્ટ ઝોનમાંથી તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૭૧૮, તા. ૨૪–૦૩–૧૩ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ (૨) થી મુદ્દા નં. (૫) થી (૧૧)ની આંશિક માહિતી માટે પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૮૮૭, તા.૧૯–૦૩–૧૩ ના રોજ નગર રચના યોજના નં. ૨૯ (રાંદેર), યુનીટ–૩, ત્રીજો માળ, મ્યુ. બિલ્ડીંગ, રૂધનાથપુરા, સુરતને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ (૩) થી મુદ્દા નં. (૧) થી (૪) તેમજ (૧૧) ની માહિતી ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૯૧૨, તા.૨૫–૦૩–૧૩ ના રોજ અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. સંદર્ભ (૪) થી અરજદારે અપીલ અધિકારી અને ટાઉન પ્લાનીંગ અધિકારીશ્રીને ઉદ્દેશીને કરેલ તા.૧૭–૦૪–૧૩ ના રોજ ઈ.નં.૦૪/ ૧૮–૦૪–૧૩ હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૯–૦૪–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.

" ટી.પી.સ્કીમ નં. ૨૯ (મોજે : રાંદેર), બ્લોક નં. ૧૩૭ પૈકી, ૧૩૯ પૈકી, મુળખંડ નં. ૧૯/એ, અંતિમખંડ નં. ૩૮ ઉપર બનાવવામાં આવેલ સરસ્વતીનગર સોસાયટી માટે લેખિત ઈરાદો/ વાંધા / રીપોર્ટની સહી સિકકાવાળી નકલ આપવા બાબતે ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી. તેમજ આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે આપવી. જાહેર માહિતી અધિકારીના તા. ૨૫–૦૩–૧૩ઉના રોજના પત્રના નિર્ણયથી નારાજ થઈ.

તા.૨૯–૦૪–૧૩ ના રોજ અરજદારશ્રી કલ્પેશકુમાર કંચનલાલ પરમાર સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી.

***–: હુકમ :–***

અરજદારની આર.ટી.આઈ. અરજી હેઠળ માંગેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી હેઠળ માંગેલ માહિતી વચ્ચે સુસંગતતા જણાતી નથી. અરજદારે પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતીનો ઉલ્લેખ તેઓની તા. ૧૧–૦૩–૧૩ થી આરટીઆઈ એકટ હેઠળ માંગેલ માહિતીમાં નથી. જેથી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક***
***સુરત મહાનગરપાલિકા***

| *પ્રથમ અપીલ હુકમ નં.* SMC/DTP/FAP/ /2013-14 Dt: -05-13 |
|---|
| *ટાઉન પ્લાનર* |

***અરજદાર:*** ***શ્રી શૌકતઅલી જુમરાતી અંસારી***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એસ.ડી.બંગલાવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***ફરીયાદની હકીકત:***

***વિષય:–*** મુસદ્દારૂપ નગર રચના યોજના, ૫૯ (ઉન)ના મુસદ્દા પૈકી બ્લોક નં.૭૧, એફ.પી. નં. ૪૭, બ્લોક નં. ૭૨, એફ.પી. નં. ૪૮, બ્લોક નં. ૭૩ પૈકી એફ.પી. નં. ૪૯, ૫૦ અને ૫૧ના જમીનમાલિકો સાથે થયેલ પત્ર વ્યવહાર, વિગત દર્શાવતા નકશા / દસ્તાવેજ, આપવામાં આવેલ નોટીસો મોકલેલ વાંધા તથા સુચનોની નકલ બાબત.

***સંદર્ભ:–***(૧)અરજદારશ્રી શૌકતઅલી જુમરાતી અંસારી ની તા.૦૫–૦૨–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૦૨–૦૩–૧૩ અને તા. ૨૮–૦૩–૧૩ ના અનુક્રમે પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૮૬૨ અને ૯૨૧.
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૯–૦૪–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૭/૨૯–૦૪–૧૩
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૦, તા. ૦૨–૦૫–૨૦૧૩.
(૫) અરજદારશ્રીનો તા. ૦૭–૦૫–૨૦૧૩નો પત્ર જા. નં. ૦૬/૨૦૧૩–૧૪.
(૬) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/૧૨, તા. ૧૦–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી શૌકતઅલી જુમરાતી અંસારી ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૭–૦૨–૧૩ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે સંદર્ભ(૨) થી અરજદારને તા. ૨૮–૦૩–૧૩ના રોજ સંપૂર્ણ સાહિત્ય અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી આપવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૨૯–૦૪–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૬–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર પત્ર મોડો મળવાને કારણે હાજર રહી શકયા ન હતા. પત્રમાં જણાવ્યા મુજબ બીજીવાર સદર અપીલની સુનાવણી અંગે ફરીથી બોલાવવા રજુઆત કરેલ, સંદર્ભ (૬) ના પત્રથી અરજદારને ફરીથી તા. ૧૬–૦૫–૨૦૧૩ના રોજ રૂબરૂ સુનાવણી માટે બોલાવેલ.

***સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.***

" જાહેર માહિતી અધિકારીના તા. ૨૮–૦૩–૧૩ ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૯૨૧ ના નિર્ણયથી નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૧૬–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી આરીફ યાકુબ ચોકસી (મંત્રી) અને જાહેર માહિતી અધિકારીશ્રી એસ. ડી. બંગલાવાલા, ડેપ્યુટી ટાઉન પ્લાનર સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

***સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–***

(૧) આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૨) મુજબ મોજે : ઉન, બ્લોક નં. ૭૧ ના કોઈ પુરાવા / નકલ તેમજ મોજે : ઉન બ્લોક નં. ૭૩ પૈકી બ્લોક નં. ૭૨ ના નકશાની નકલ મળેલ નથી.

(૨) અરજદારે મળેલ પુરાવામાં મોજે : ઉન, બ્લોક નં. ૭૩ પૈકી તથા ૭૨ ના મંજુર પ્લાનની નકલ મળેલ ન હોવાનું જણાવેલ.

(૩) આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૩) સુરત શહેરી સત્તામંડળ મુજબના પત્ર નં. સુરત/યુ–૧૫/વશી/૭૮૨, તા. ૧૦–૦૨–૭૫ ના વર્ક ઓર્ડર મુજબ પાઠવેલ ટી.પી.સ્કીમ નં. ૫૯ (ઉન)ના સર્વે કરેલ નકશાની નકલમાં લીજન્ડ તથા સ્કેલ દર્શાવેલ નથી.

***સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–***

- જમીનમાલિકો / સોસાયટી / હિત ધારકોએ રજુ કરેલ મોજે : ઉન બ્લોક નં. ૭૩ પૈકી બ્લોક નં. ૭૩ ના પુરાવા અરજદારશ્રીને પત્ર ધ્વારા પાઠવેલ. આ સિવાય મોજે : ઉન બ્લોક નં. ૭૧ના કોઈ પુરાવા જમીનમાલિકો / હિત ધરાવનારાઓ ધ્વારા રજુ કરેલ ન હોય, ઉકત નંબરની નકલ / પુરાવા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

***–: <u>હુકમ</u> :–***

અરજદારની રૂબરૂમાં રજુઆતના મુદ્દા નં. (૧) થી (૩) અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

મુદ્દા નં. (૧) અન્વયે મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર તરફથી અરજદારને આપેલ જવાબ/માહિતીની નકલો જોતાં: અરજદારની રૂબરૂ સુનાવણી દરમ્યાન માંગેલ માહિતીનો તેઓની તા. ૦૫–૦૨–૧૩ થી આરટીઆઈ એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં. (૨) મુજબ મોજે : ઉન, બ્લોક નં. ૭૧ના પુરાવા/નકલો જમીનમાલિકો / હિતધારકો ધ્વારા રજુ કરેલ ન હોય, જેથી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુદ્દા નં. (૨) અન્વયે મોજે : ઉન બ્લોક નં. ૭૩ પૈકી બ્લોક નં. ૭૨ ના નકશાની નકલ આર.ટી.આઈ એકટની કલમ–૭/૬ હેઠળ વિના મુલ્યે આપવો.

મુદ્દા નં. (૩) અન્વયે આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૩) સુરત શહેરી સત્તામંડળ મુજબના પત્ર નં. સુરત/યુ–૧૫/વશી/૭૮૨, તા. ૧૦–૦૨–૭૫ ના વર્ક ઓર્ડર મુજબ પાઠવેલ ટી.પી.સ્કીમ નં. ૫૯ (ઉન)ના સર્વે કરેલ નકશાની નકલમાં લીજન્ડ તથા સ્કેલ દર્શાવી અરજદારને આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક***
***સુરત મહાનગરપાલિકા***

| |
|---|
| ***પ્રથમ અપીલ હુકમ નં.*** |
| **SMC/DTP/FAP/** |
| **/2013-14** |
| **Dt: -05-13** |
| ***ટાઉન પ્લાનર*** |

***અરજદાર:*** ***શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એસ. ડી. બંગલાવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:–*** સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

***સંદર્ભ:–***(૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૨–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૫૬.
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૭, તા.૧૨–૦૪–૧૩ ના રોજ ઉધના ઝોન / સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડાભવન) અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ (ગાંધીનગર)ને તબદીલ.
(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૩૦–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૯૭.
(૫)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૨.
(૬)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારની આર.ટી.આઈ. અરજીમાં કુલ ૪ (ચાર) મુદ્દા છે.

- મુદ્દા નં. (૧) થી (૩)ની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળને તા. ૧૨–૦૪–૨૦૧૩ થી તબદીલ કરેલ.
- મુદ્દા નં. (૨)ની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, ઉધના ઝોન કચેરીને તા. ૧૨–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ.
- મુદ્દા નં. (૪)ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને જુનીયર નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગુહનિર્માણ વિભાગ, ગાંધીનગરને તા. ૧૨–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ.

સંદર્ભ (૪) થી અરજદારને તા.૩૦–૦૪–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી આપવામાં આવેલ. સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ ના રોજ

પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારને તા.૧૮–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૮–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર હતા નહી તેમના વતી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એસ.ડી. બંગલાવાલા સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

***સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.***

" જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતીના મુદ્દા નં. (૨) અને (૪), ઓપન પ્લોટમાં થયેલ બાંધકામોની માહિતી છુપાવી હોવાની તેમજ પત્રવ્યવહારો, શેરા, નોંધ સહિતની માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ પુરી પાડવા અપીલ કરેલ છે."

***સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–***

(૧) આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૪) મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબના (ઉધના ઝોન) સી–૨૧ "વેજીટેબલ માર્કેટ" ના સરકારશ્રીના નોટીફીકેશન તેમજ પત્રવ્યવહારની નકલ મળેલ નથી.

(૨) અરજદારે રીઝર્વેશનના પ્લોટોમાં બાંધકામોની વિગત મળેલ ન હોવાની રજુઆત કરેલ.

***સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–***

ઉધના ઝોન વિસ્તારમાં બાંધકામોની વિગતો અત્રે ઉપલબ્ધ ન હોય, ઉધના ઝોન કચેરીને તા. ૧૨–૦૪–૨૦૧૩ ના પત્રથી તબદીલ કરવામાં આવેલ છે.

***–: હુકમ :–***

અરજદારે રૂબરૂમાં કરેલ રજુઆતના મુદ્દા નં. (૧) અન્વયે મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરને અરજીના મુદ્દા નં. (૪) મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબના (ઉધના ઝોન) સી–૨૧ "વેજીટેબલ માર્કેટ" ના સરકારશ્રીના નોટીફીકેશન તેમજ પત્રવ્યવહારની નકલ જાહેર માહિતી અધિકારીશ્રીને આર.ટી.આઈ એકટની કલમ–૭/૬ હેઠળ વિના મુલ્યે અરજદારને આપવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દા નં. (૨) અન્વયે ડે. ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજી તબદીલ કરેલ હોય, માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક***
***સુરત મહાનગરપાલિકા***

| પ્રથમ અપીલ હુકમ નં. SMC/DTP/FAP/ /2013-14 Dt: -05-13 |
|---|
| ટાઉન પ્લાનર |

***અરજદાર:*** ***શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનીલ બી. પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:–*** સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

***સંદર્ભ:–*** (૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૨–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૭૪.
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૯.
(૪)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૮–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૮–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર હતા નહી તેમના વતી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી અનિલ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

***સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.***

" જાહેર માહિતી અધિકારીએ નાણાં ભર્યા હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી."

***સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–***

- આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૨) ની માહિતી મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબના (રાંદેર ઝોન) સ્થિત સરકારશ્રી તરફથી રીઝર્વેશન અર્થે બાંધકામો થયા હોય તેની વિગતવાર પ્રમાણિત નકલો નાણાં ભર્યા હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી.

***સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–***

- અરજદાર ધ્વારા મુદ્દા નં. (૨) તથા (૩) મળી કુલ રૂા. ૮/– અત્રે ભરપાઈ કરેલ છે. જેના મુદ્દા નં. (૨) ની માહિતી અત્રે ઉપલબ્ધ ન હોય, મુદ્દા નં. (૩) થી માંગેલ માહિતી સારૂ સરકારશ્રીના નોટીફીકેશન પાના નંગ–૪ ની નકલો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઈ./ ૧૨૭, તા. ૦૪–૦૫–૨૦૧૩ થી આપી જરૂરી સ્પષ્ટતા કરેલ છે. મુદ્દા નં. (૨) ના રીઝર્વેશન પ્લોટો પર સુરત મહાનગરપાલિકા ધ્વારા કરાવેલ બાંધકામો અંગે રાંદેર ઝોન કચેરીને અરજી તબદીલ કરવાની બાકી રહી ગયેલ છે. અરજદારે રજુ કર્યેથી ધ્યાનમાં આવેલ હોય, હવે બાદ અરજી તબદીલ કરવામાં આવશે.

***–: <u>હુકમ</u> :–***

અરજદારશ્રી ધ્વારા ભરવામાં આવેલ નાણાં માટે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા જરૂરી સ્પષ્ટતા કરી મુદ્દા નં. (૩) ની માહિતી આપવામાં આવેલ છે. જેથી અરજદારશ્રીની રજુઆત અન્વયે કોઈ કાર્યવાહી કરવાની થતી નથી. પરંતુ, મુદ્દા નં. (૨) ની માહિતી સારૂ જાહેર માહિતી અધિકારીશ્રીને અને ડે. આર્કિટેકટશ્રીને અરજદારશ્રીની મૂળ અરજી તાકીદે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (રાંદેર ઝોન)ને તબદીલ કરવા આથી હુકમ કરવામાં આવે છે તેમજ આ માહિતી તેઓને વિના મુલ્યે આપવા જણાવવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

***અપીલ અધિકારી અને***
***નગર નિયોજક***
***સુરત મહાનગરપાલિકા***

| |
|---|
| ***પ્રથમ અપીલ હુકમ નં.*** <br> **SMC/DTP/FAP/** <br> **/2013-14** <br> **Dt: -05-13** |
| ***ટાઉન પ્લાનર*** |

***અરજદાર:*** ***શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ***

***સામાવાળા:*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલ બી. પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***<u>ફરીયાદની હકીકત:</u>***

***વિષય:***– સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

***સંદર્ભ:***–(૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.
(૨)જાહેર માહિતી અધિકારી અને ટાઉન પ્લાનરના તા. ૧૫–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૯.
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૩.
(૪)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી અરજદારને તા.૧૫–૦૪–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી પાઠવવામાં આવશે તેમ જણાવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ થી પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૮–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૮–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર હતા નહી તેમના વતી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી અનિલ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

***સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.***

" જાહેર માહિતી અધિકારીએ નાણાં ભર્યા હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી."

***સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–***

- આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૪)અન્વયે રીઝર્વેશનો વરાછા ઝોન વિસ્તારમાં ઉઠાવી લેવામાં આવેલ રીઝર્વેશનના પત્રકની નકલ માટે રૂા. ૨/– સુરત મહાનગરપાલિકામાં જમા કરાવેલ હોય, માહિતી / પત્રક આપવામાં આવેલ નથી અને માહિતી છુપાવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મૂળ અરજી આર.ટી.આઈ. કલમ–૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરને અરજીના મુદ્દા નં. (૪) જે જે રીઝર્વેશનો ઉઠાવી લેવામાં આવેલ તે માટેની માહિતી પાઠવવા પત્ર નં. ટીપીડી/આ/આરટીઆઈ/૫૯, તા. ૧૫–૦૪–૧૩ થી રૂા. ૨/– નિયત ફી મુજબ રૂા. ૨/– જમા કરાવવા જણાવવામાં આવેલ. જે મુજબ અરજદારશ્રી ધ્વરા રસીદ નં. ૧૮૮૪૧૫૫, તા. ૨૫–૦૪–૧૩ થી નિયત ફી જમા કરાવેલ હોય, તાકીદે માહિતી પાઠવી આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| પ્રથમ અપીલ હુકમ નં. |
| --- |
| SMC/DTP/FAP/ /2013-14 Dt: -05-13 |
| ટાઉન પ્લાનર |

***અરજદારઃ*** ***શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ***

***સામાવાળાઃ*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એ. કે. ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ***

***ફરીયાદની હકીકતઃ***

***વિષયઃ***– સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

***સંદર્ભઃ***–(૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૦૯–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૧.
(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૦, તા.૦૯–૦૪–૧૩ ના રોજ લીંબાયત ઝોન / સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડાભવન) અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ (ગાંધીનગર)ને તબદીલ.
(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૦૪–૦૫–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૩૨.
(૫)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૧.
(૬)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૫, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારની આર.ટી.આઈ. અરજીમાં કુલ ૪ (ચાર) મુદ્દા છે.

- મુદ્દા નં. (૧) થી (૩)ની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળને તા. ૦૯–૦૪–૨૦૧૩ થી તબદીલ કરેલ.
- મુદ્દા નં. (૨)ની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, લીંબાયત ઝોન કચેરીને તા. ૦૯–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ.
- મુદ્દા નં. (૪)ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને જુનીયર નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગુહનિર્માણ વિભાગ, ગાંધીનગરને તા. ૦૯–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ.

સંદર્ભ (૪) થી અરજદારને તા.૦૪–૦૫–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી આપવામાં આવેલ. સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને

તા.૧૪–૦૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારને તા.૧૮–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૮–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર હતા નહી તેમના વતી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલ બી. પટેલ તેમજ આસી. ટાઉન પ્લાનરશ્રી કિરણ સુમરા સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

***સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.***

" ટી.પી. ૩૩ માં રાહુલરાજના બિલ્ડર ધ્વારા રીઝર્વેશનના પ્લોટમાં અધિકારીઓ સાથે મેળાપીપણાં કરી બાંધકામ કરેલ છે. તેની મુદ્દા નં. (૨) ની માહિતી જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવી છે. સમગ્ર માહિતી અધુરી, ખોટી અને સ્થળ તપાસ વગરની છે. "

***સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–***

" ટી.પી. ૩૩ માં રાહુલરાજના બિલ્ડર ધ્વારા રીઝર્વેશનના પ્લોટમાં અધિકારીઓ સાથે મેળાપીપણાં કરી બાંધકામ કરેલ છે. તેની મુદ્દા નં. (૨) ની માહિતી જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવી છે. સમગ્ર માહિતી અધુરી, ખોટી અને સ્થળ તપાસ વગરની છે. "

***સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–***

અરજદારશ્રીને તા. ૦૪–૦૩–૧૩ ના રોજ માહિતી માંગતી મૂળ અરજી સંદર્ભે મુદ્દા નં. (૨) અન્વયે રીઝર્વેશનની યાદી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૦૪–૦૫–૧૩ ના રોજથી પૂરી પડાયેલ છે. માહિતીમાં સામેલ પત્રકમાં પ્રશ્નવાળા રીઝર્વેશન આર–૫ ની સામે રીમાકર્સ કોલમમાં લખાયેલ "ખુલ્લી જગ્યા " મુજબની સ્થળ સ્થિતિ દર્શાવેલ છે. સદર બાબતે અદ્યતન માહિતી લિંબાયત ઝોન કચેરીએથી મેળવવાની રહેતી હોય, પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૪૦, તા. ૦૯–૦૪–૧૩થી મૂળ અરજીના મુદ્દા નં. (૨) અન્વયેની રીઝર્વેશનના ઉપયોગ અને બાંધકામ બાબતેની લિંબાયત ઝોન વિસ્તારની આંશિક માહિતી માટે લિંબાયત ઝોન કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ.

*–: <u>હુકમ</u> :–*

અરજદારશ્રીએ ઉપસ્થિત કરેલ અપીલની રજુઆત અરજદારશ્રીની માહિતી માંગતી મૂળ અરજી સાથે સુસંગત નથી. તેમજ અરજદારશ્રીને તા. ૦૪–૦૩–૧૩ ના રોજ માહિતી માંગતી મૂળ અરજી સંદર્ભે મુદ્દા નં. (૨) અન્વયે રીઝર્વેશનની યાદી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૦૪–૦૫–૧૩ ના રોજથી પૂરી પડાયેલ છે. માહિતીમાં સામેલ પત્રકમાં પ્રશ્નવાળા રીઝર્વેશન આર–૫ ની સામે રીમાકર્સ કોલમમાં લખાયેલ "ખુલ્લી જગ્યા " મુજબની સ્થળ સ્થિતિ દર્શાવેલ છે. સદર બાબતે અદ્યતન માહિતી લિંબાયત ઝોન કચેરીએથી મેળવવાની રહેતી હોય, પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૪૦, તા. ૦૯–૦૪–૧૩થી મૂળ અરજીના મુદ્દા નં. (૨) અન્વયેની રીઝર્વેશનના ઉપયોગ અને બાંધકામ બાબતેની લિંબાયત ઝોન વિસ્તારની આંશિક માહિતી માટે લિંબાયત ઝોન કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેથી, સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશનની જગ્યાએ ઉપયોગ અને બાંધકામ અંગેની લિંબાયત ઝોન વિસ્તાર પૂરતી આંશિક માહિતી લીંબાયત ઝોનમાંથી મેળવવાની રહેશે એવી સમજણ આપવામાં આવેલ.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

*અપીલ અધિકારી અને*
*નગર નિયોજક*
*સુરત મહાનગરપાલિકા*

| |
|---|
| *પ્રથમ અપીલ હુકમ નં.* |
| SMC/DTP/FAP/ /2012-13 |
| Dt: -02-13 |
| *ટાઉન પ્લાનર* |

***અરજદારઃ*** ***શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કાપસીયાવાલા***

***સામાવાળાઃ*** ***જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ વિભાગ***
***ફરીયાદની હકીકતઃ***

***વિષયઃ–*** ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા)ની માહિતી આપવા બાબત.

***સંદર્ભઃ–***(૧) અરજદારશ્રી પ્રવિણચંદ્ર કપાસીયાવાલાની તા.૧૯–૧૧–૧૨ની અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/૬૭૪, તા.૨૧–૧૧–૧૨.
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/૬૭૫, તા.૨૧ –૧૧ –૧૨
(૪) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/ ૬૭૬, તા.૨૧–૧૧–૧૨
(૫) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/૬૭૭, તા.૨૧–૧૧–૧૨
(૬) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/૬૯૭, તા.૦૩–૧૨–૧૨
(૭) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્રનં.: ટીપીડી/આર.ટી.આઈ/૭૦૭, તા.૧૮–૧૨–૧૨
(૮) રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરના ફરીયાદ નં. ક –૦૦૨૦– ૦૧૩, તા.૧૬–૦૩–૧૩.
(૯) અત્રેનો તા.૦૨–૦૪–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૦૩.
(૧૦) અરજદારનો તા.૦૯–૦૪–૨૦૧૩ નો પત્ર.

અરજદારશ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસીયાવાલા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળની અરજીથી માહિતી માંગવામાં આવેલ. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા) બાબતે મુદ્દા નં. (૧) થી (૧૦)ની માહિતી આપવા અન્વયે મુદ્દા નં. (૪), (૬) તથા (૧૦) અંગેની અંશતઃ માહિતી સંદર્ભ (૨) હેઠળના તબદીલ પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન કચેરીએથી મેળવવા જણાવેલ તેમજ અરજીના મુદ્દા નં. (૫), (૬), (૭) તથા (૮) અંગેની અંશતઃ માહિતી સંદર્ભ (૩) હેઠળના પત્રથી સદરહુ ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા)ને અંતિમ કરવા સારૂ સરકારશ્રી ધ્વારા નિયુકત નગર રચના અધિકારીશ્રી, સુડા એકમ–૫, સુડાભવન, નાનપુરા, સુરતને મોકલેલ તેમજ મુદ્દા નં. (૯) તથા (૧૦) અંગેની માહિતી સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ ખાતું સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ, તથા અરજદારને મુદ્દા નં. (૧) થી (૪) તથા (૬)ની અંશતઃ માહિતી માટે. ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા)ના અત્રે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી અરજદાર તરફથી જણાવ્યેથી તે મુજબની માહિતી પુરી પાડવા રૂબરૂ ચકાસણી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ ખાતાનો સંપર્ક

સાધવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ ફાઈલ / રેકર્ડની ચકાસણી માટે જાહેર માહિતી અધિકારીની કચેરીનો સંપર્ક કરેલ નહી.

અરજદારશ્રીને મુદ્દા નં. (૯) અંગેની માહિતી સંદર્ભ (૬) હેઠળથી પુરી પાડવામાં આવેલ, તેમજ મુદ્દા નં. (૧૦) અંગે નકલ ફી ભરપાઈ કરવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૧૭–૧૨–૧૨ના રોજથી નકલ ફી જમા કરાવેલ હોય, સંદર્ભ (૭) હેઠળના પત્રથી મુદ્દા નં. (૧૦)ની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અરજદાર ધ્વારા તેઓની તા.૧૯–૧૧–૧૨ની અરજીના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી તા.૨૧–૧૧–૨૦૧૨ તથા તા.૧૮–૧૨–૨૦૧૨ના રોજ આપવામાં આવેલ માહિતીથી નારાજ થઈને ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ તા.૨૬–૦૨–૧૩ની અરજીથી ફરીયાદ / રજુઆત કરેલ. જે બાબતે રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગરના સંદર્ભ (૮) હેઠળના હુકમથી અપીલ અધિકારીએ ફરીયાદી અને પ્રતિવાદીને રૂબરૂ સાંભળવાની તક આપીને ફરીયાદીની પ્રસ્તુત અરજી પ્રથમ અપીલ તરીકે દાખલ કરી સમયમર્યાદામાં અપીલ સત્તાધિકારીને નિર્ણય કરવા તા. ૧૬–૦૩–૨૦૧૩ ના રોજ હુકમ કરેલ છે.

ગુજરાત માહિતી આયોગના હુકમના અનુસંધાને અરજદારને સંદર્ભ (૯) હેઠળના પત્રથી તા.૦૯ –૦૪ –૧૩ના રોજ ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ. તેમ છતાં ફરીયાદી અરજદાર રૂબરૂ હાજર ન રહેતાં તા.૦૯–૦૪–૨૦૧૩ના તેઓના પત્રથી તેઓની મુળ આર.ટી.આઈ.ની અરજી તથા અપીલ અરજીમાં માંગેલ માહિતી આપવા જણાવેલ છે.

જયારે પ્રતિવાદી નં. (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર રૂબરૂ હાજર રહી જણાવેલ કે, ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા) ની ડ્રાફટ સ્કીમ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) કચેરી ધ્વારા તૈયાર કરવામાં આવેલ હોય, અરજદારને રૂબરૂ ચકાસણી કરી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ / માહિતી ચકાસી તે મુજબ માંગ્યા પ્રમાણેની નકલો ફી ભરી મળી શકશે તેમ જણાવેલ. પરંતુ અરજદાર રૂબરૂ ચકાસણી અર્થે હાજર ન રહેલ અને તેઓએ ગુજરાત માહિતી આયોગમાં સીધા ફરીયાદ /અપીલ દાખલ કરેલ હોય, અરજદારને માહિતી આપી શકાયેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર એ અરજદારની અરજીના મુદ્દા નં. (૧) થી (૪) તથા (૬) માહિતી પૈકી અત્રેના રેકર્ડની ચકાસણી કરતા અત્રે ઉપલબ્ધ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા)નો ઈરાદો જાહેર કરવા બાબતમાં સુડા કચેરીનો ઠરાવ, ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ અધિસુચન, નામદાર સરકારશ્રી ધ્વારા ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા) ની ડ્રાફટ તથા પ્રિલિમીનરી સ્કીમ મંજુર થયાના સરકારશ્રીના જાહેરનામાની નકલો તથા કપાત બાબતે સદરહુ ડ્રાફટ સ્કીમના કપાતના સ્ટેટમેન્ટ(પી.ડી.એસ.)ની નકલો આપી શકાય તેમ છે તે મુજબ જણાવેલ.

અરજદારની મુળ અરજી, ગુજરાત માહિતી આયોગના હુકમ તેમજ ઉપરોકત હકીકતને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી ફરીયાદનો નિર્ણય કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૨૮–૦૨–૧૩ ની આયોગ સમક્ષની અપીલ/ફરિયાદ અરજી જોતા અરજદાર ધ્વારા તેમની તા.૧૯–૧૧–૧૨ ની અરજીથી માંગેલ મુદ્દા નં. (૧) થી (૪) તથા (૬) અંગેની માહિતી માટે રૂબરૂ ચકાસણી કરી મેળવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીએ જણાવેલ. તેમજ મુદ્દા નં. (૯) તથા (૧૦) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા આપવામાં આવેલ. તેમજ અન્ય મુદ્દા બાબતે તબદીલ કરેલ જે તે વિભાગ/કચેરીમાંથી મેળવવા જણાવેલ. વધુમાં નામદાર ગુજરાત માહિતી આયોગના હુકમ અન્વયે અત્રેથી લેખિતમાં જાણ કરવા છતાં ફરીયાદી/અરજદાર સુનવણીમાં રૂબરૂ હાજર રહેલ નહી તથા માંગેલ માહિતી આપવા રજુઆત કરેલ છે. જેથી જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજીના મુદ્દા નં. (૧) થી (૪) તથા (૬) અંગેની ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ / માહિતી પૈકીની ટી.પી.સ્કીમ નં. ૪ (રૂંઢ–મગદલ્લા)ની ડ્રાફટ સ્કીમ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) કચેરી ધ્વારા તૈયાર કરવામાં આવેલ હોય, સદર સ્કીમનો ઈરાદો જાહેર કરવા બાબતમાં સુડા કચેરીનો ઠરાવ, ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ અધિસુચન, ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા) ની ડ્રાફટ સ્કીમ તથા પ્રિલિમીનરી સ્કીમ મંજુર થયાના નામદાર સરકારશ્રીના જાહેરનામાની નકલો તથા કપાત બાબતે સદરહુ ડ્રાફટ સ્કીમના કપાતના સ્ટેટમેન્ટ (પી.ડી.એસ.)ની નકલો આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અરજદારને આપવા હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮, ગાંધીનગર ૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**